પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૦૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૨-૦૯-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 09 PRICE :-RS. 1.50 DATE : 02-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# પંજશીરના શુતૂલ પર તાલિબાનનો કબજો



કાબુલ,

કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલા અંગે શોક વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે આ દુઃખની ઘડીમાં બ્રિટન તેના ગઠબંધન ભાગીદારો સાથે છે. અમે આ આતંકવાદી સંગઠનને સમાપ્ત કરવા માટે શક્ય તમામ પ્રયાસો કરીશું. સરકારના અધિકારીઓએ એરસ્ટ્રાઈક માટે લોજિસ્ટિક્સની તપાસ કરી છે. તેમણે રોયલ એરફોર્સ ફાઈટર એરક્રાફ્ટનાં લક્ષ્યો, રિફ્યુલિંગ અને બેઝ શરતોનું નિરીક્ષણ કર્યું છે. વિગ્સ્ટને કહ્યું હતું કે અમે સેના મોકલીને અથવા કોઈપણ દેશનાં સાધનોનો ઉપયોગ કરીને આતંકવાદી સંગઠન પર હુમલો કરી શકીએ છીએ. અમેરિકી સેનાએ કાબુલ એરપોર્ટ પર રાખવામાં આવેલાં ૭૩ એરક્રાફ્ટ્સનો નાશ કર્યો અમેરિકી સેનાએ સોમવારે રાત્રે અફઘાનિસ્તાન છોડી દીધું હતું. તેમના અમેરિકા પરત ફર્યા પછી જ તાલિબાને કાબુલ એરપોર્ટ પર કબજો કરી લીધો છે, પરંતુ અહીં જેટલાં પણ વિમાનો રહેલાં છે એનો ઉપયોગ તાલિબાન ક્યારેય પણ કરી શકશે નહીં, કારણ કે અમેરિકી સેના આને ડિસલોકેટ કરીને જતી રહી છે. પંજશીરમાં તાલિબાન અને નોર્ધર્ન અલાયન્સ વચ્ચે મંગળવારે રાત્રે ફરીથી જંગ શરૂ થઈ ગયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, તાલિબાને ગોલબહારથી પંજશીરને જોડતા પુલને ઉડાવી દીધો છે. આ પ્રમાણેની સ્થિતિનું નિર્માણ થતાં પંજશીરને પરવાન પ્રાંતથી જોડતા માર્ગને બંધ કરી દેવામાં આવ્યો છે. તાલિબાને જાહેર માર્ગોને કન્ટેનરોથી બંધ કરી દીધા છે અને શુતૂલ પર કબજો કરી લીધો છે. નોર્ધન અલાયન્સે દાવો કર્યો છે કે આ લડાઈમાં અત્યારસુધી ૩૫૦ તાલિબાનીઓ માર્યા ગયા છે અને મોટા પ્રમાણમાં હથિયારો અને અમેરિકી ગાડીઓ પર કબજો કરી લીધો છે. જોકે હજુ સુધી નોર્ધન અલાયન્સના દાવાની પુષ્ટી થઈ શકી નથી. પરંતુ તાલિબાન સાથે જોડાયેલા સોશિયલ મીડિયા અકાઉન્ટ દ્વારા પંજશીરમાં લડત આપી રહેલા મુઝાહિદ્દીન માટે પ્રાર્થના કરવાના સંદેશાઓ વાઈરલ થઈ રહ્યા છે. આવી પોસ્ટના કારણે તાલિબાનની સ્થિતિ નબળી પડી હોવાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને અફઘાનિસ્તાનમાંથી અમેરિકી સેનાને પરત બોલાવ્યા બાદ વ્હાઈટ હાઉસમાં પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી. બાઈડને અફઘાનિસ્તાનમાં ફસાયેલા અમેરિકનોને પાછા લાવવાનો દાવો કર્યો અને કહ્યું હતું કે હાલમાં ત્યાં લગભગ ૧૦૦-૨૦૦ અમેરિકી નાગરિકો ફસાયેલા છે. સૈન્ય પરત બોલાવ્યા બાદ ત્યાં ફસાયેલા અમેરિકી લોકો મુદ્દે જો બાઈડનની ટીકા થઈ રહી હતી. બાઈડનને જ્યારે આ મુદ્દે સવાલ કરાયો હતો ત્યારે તેમણે કહ્યું હતું કે ત્યાં જેટલા પણ અમેરિકી નાગરિકો ફસાયા છે તેમની પાસે અફઘાનિસ્તાનની નાગરિકતા પણ છે. પહેલાં તેમણે અફઘાનિસ્તાની હોવાની વાતને ટાંકીને ત્યાં જ રહેવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ હવે તેઓ અહીં પરત આવવા માગે છે. અફઘાનિસ્તાનમાં જેટલા પણ અમેરિતી હતા તેના ૯૦ ટકા લોકો પરત ફરી ચૂક્યા છે. હવે જે ત્યાં ફસાયેલા છે

## નોર્ધન અલાયન્સના જણાવ્યા અનુસાર ૩૫૦ તાલિબાનીઓ માર્યા ગયા

તેમના માટે કોઈપણ પ્રકારની ડેડલાઈન જેવું નથી, અમે તેમને પરત લાવવા માટે પ્રતિબદ્ધ છીએ. ભારત અને તાલિબાન વચ્ચે મંગળવારે પહેલીવાર ઔપચારિક વાતચીત થઈ હતી. કતારમાં ભારતના રાજદૂત દીપક મિત્તલે તાલિબાનના લીડર શેર મોહમ્મદ અબ્બાસ સ્ટેનિકઝઈ સાથે વાતચીત કરી હતી. રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે, મિત્તલ અને શેર મોહમ્મદ વચ્ચે આ મુલાકાત તાલિબાનની પહેલ મુદ્દે થઈ છે. અબ્બાસ તાલિબાનના પોલિટિકલ વિંગનો હેડ છે અને ભારત સાથે તેના સંબંધો પણ વર્ષો જૂના છે. એક નિવેદન દ્વારા જાણકારી આપવામાં આવી હતી કે તેમના વચ્ચે આ મુલાકાત દોહાસ્થિત ઈન્ડિયન એમ્બેસીમાં થઈ હતી. શેર મોહમ્મદ ૧૯૮૦ના દશકામાં ભારત દેશમાં રહી ચૂક્યો હતો. તેણે દેહરાદૂન સ્થિત મિલિટરી એકેડમીમાં તાલીમ પણ લીધી હતી. ત્યાર પછી શેર મોહમ્મદ અફઘાન મિલિટરીમાં રહ્યા, પરંતુ ત્યાર પછી તે તાલિબાન સાથે જોડાઈ ગયો હતો. બ્રિટને કહ્યું છે કે તે કોઈપણ સમયે ISIS-Kના અડ્ડાઓ પર ગમે ત્યારે હુમલો કરી શકે છે. તાજેતરમાં પેન્ટાગને ખુલાસો કર્યો છે કે અફઘાનિસ્તાનમાં અત્યારે લગભગ ૨ હજાર ISIS ખોરાસનના આતંકીઓ હાજર છે. બ્રિટનના એરફોર્સ ચીફ એર ચીફ માર્શલ સર માઈક વિગ્સ્ટને સોમવારે જણાવ્યું હતું કે બ્રિટન ISIS-K વિરુદ્ધ કાર્યવાહીમાં જોડાઈ શકે છે. પરવાન પ્રાંતના જબાલ સરાજ જિલ્લા, બગલાન પ્રાંતના અંદરાબ જિલ્લા અને ખવાક પંજશીરમાં પણ યુદ્ધ થયું છે. તાલિબાની પંજશીર ઘાટીમાં ઘુસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ વિદ્રોહી લડાકુઓ તેમને રોકવામાં સફળ રહ્યા છે. પંજશીરના ગોલબહાર વિસ્તારમાં ઘર્ષણ થયું હતું. તેવામાં અત્યારે નોર્ધન અલાયન્સને અહમદ મસૂદ લીડ કરી રહ્યા છે.

# કોવિડના નિયમોના પાલન સાથે દેશમાં સ્કુલો ચાલુ



ન્યુ દિલ્હી,

કોરોના મહામારીના કારણે એક વર્ષથી વધુ સમયથી સ્કૂલો બંધ હતી. જોકે આ દરમિયાન ઓનલાઈન ક્લાસ ચાલૂ હતાં. સ્કૂલ ખોલવાને લઈને બાળકોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓને તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું. તેના પહેલા તેમનું થર્મલ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું. સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે વિદ્યાર્થીઓને ક્લાસરુમમાં બેસાડવામાં આવ્યાં. જોકે પહેલા દિવસે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી. ઉત્તરપ્રદેશમાં આજથી નાના બાળકો માટે પણ સ્કૂલો શરુ કરવામાં આવી છે. બાળકોના સ્વાગત માટે રંગબેરંગી કાર્ટૂન અને ફુગ્ગાઓ દ્વારા ક્લાસરૂમ શણગારવામાં આવ્યા. કોવિડના તમામ નિયમોને ધ્યાનમાં રાખીને બાળકોના ક્લાસ શરુ કરવામાં આવ્યાં. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની નવમા ધોરણથી બારમા ધોરણ સુધીની શાળાઓ આજથી શરૂ થઈ ગઈ છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટએ શાળા વહીવટ અને વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શિકા જારી કરી છે. આ મુજબ સ્કૂલ ફરી ખુલશે ત્યારે વિદ્યાર્થીઓ સાથે લંચ નહીં કરી શકે. એક સાથે માત્ર ૫૦ ટકા વિદ્યાર્થીઓને જ બોલાવી શકાય છે. સાથે જ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળા મેનેજમેન્ટે કોરોના પ્રોટોકોલનું પાલન કરવું જરૂરી છે. રાજસ્થાનમાં ૪ મહિના પછી આજે વિદ્યાર્થીઓ માટે સ્કૂલો શરુ કરવામાં આવી છે. તમામ વિદ્યાર્થીઓના ટેમ્પરેચર ચેક કરીને સ્કૂલોમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. માત્ર ૪૦% વિદ્યાર્થીઓને જ સ્કૂલમાં પ્રવેશ આપવામાં આવશે. દરેક દિવસે અલગ બેન્ચના આધારે બાળકોને બેસાડવામાં આવશે. કોઈ વિદ્યાર્થીને સ્કૂલ જવા બાબતે કોઈ જબરદસ્તી નથી વિદ્યાર્થીઓ તેમની ઈચ્છા મુજબ સ્કૂલ જવાનું પસંદ કરી શકે છે. કોરોના વાઈરસના કેસોમાં ઘટાડો નોંધાતા દેશના કેટલાક રાજ્યોમાં આજે ફરીથી સ્કૂલો ખોલવામાં આવી છે. ઉત્તર પ્રદેશ, દિલ્હી, મધ્ય પ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાન જેવા રાજ્યોમાં કડક પ્રોટોકોલ સાથે સ્કૂલો શરુ કરવામાં આવી છે. રાજ્ય સરકારોએ સ્કૂલોને કોવિડ-૧૯ ગાઈડલાઈન્સનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. સ્કૂલોમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું ફરજીયાત કરવામાં આવ્યું છે. વિદ્યાર્થી, શિક્ષકો અને સ્ટાફની થર્મલ સ્ક્રીનિંગ પણ કરવામાં આવી રહી છે.

# કોરોનાનો વધુ એક જીવલેણ વેરિયન્ટ C.1.2 મળ્યો છે : ડેલ્ટા વેરિયન્ટ કરતાં પણ વધુ ખતરનાક



ન્યુ દિલ્હી,

કોરોનાના આ વેરિયન્ટે હાલ દુનિયાની ચિંતાઓમાં વધારો કર્યો છે, પણ ભારત માટે રાહતની ખબર છે કે હજી સુધી આ વેરિયન્ટનો એકપણ કેસ ભારતમાં નોંધાયો નથી. જોકે ભારત આ નવા વેરિયન્ટને લઈને સતર્ક અને ચિંતિત પણ છે. આ વેરિયન્ટને હાલ વેરિયન્ટ ઓફ ઈન્ટરેસ્ટ જાહેર કરવામાં આવ્યો છે. હાલ આ વેરિયન્ટ પર વિવિધ રિસર્ચ થશે અને પછી આ વેરિયન્ટને ક્લાસિફાઈડ કરવામાં આવશે. જોકે આ મ્યૂટેશન વેરિયન્ટ પણ ખૂબ ઘાતક હોવાનું જણાઈ આવ્યું છે અને વેક્સિનની અસર પણ ઓછી થઈ શકે એવું જોખમ જણાવાઈ રહ્યું છે. WHOએ કહ્યું હતું કે કોરોનાનો B.1.617 વેરિયન્ટ પહેલી વખત ભારતમાં ડિસેમ્બર મહિનામાં નોંધવામાં આવ્યો હતો. આ વેરિયન્ટ વાઈરસના મૂળભૂત વેરિયન્ટની તુલનામાં સરળતાથી ફેલાઈ રહ્યો છે. ભારતમાં હજી કોરોનાનો કહેર ઓછો થયો નથી ત્યારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO)એ કોરોનાના નવા વેરિયન્ટની ઘોષણા કરી છે અને આ સાથે વિશ્વના દેશોની ચિંતામાં ફરી એકવાર વધારો થયો છે. આ વેરિયન્ટનું નામ C.1.2 છે. આ વેરિયન્ટ ડેલ્ટા કરતાં પણ વધુ સંક્રામક છે. આના સાથે કોરાનાનો મ્યૂટેશન B.1.621 વેરિયન્ટ ઓફ ઈન્ટરેસ્ટ ઘોષિત કરવામાં આવ્યો છે. વેરિયન્ટ ઓફ ઈન્ટરેસ્ટ એટલે કે આ વેરિયન્ટને હજી વેરિયન્ટ ઓફ કન્સર્નના રૂપથી ક્લાસિફાઈડ કર્યા પહેલાં આ વેરિયન્ટની પ્રકૃતિ અને સંક્રામકતાની શક્તિ પર રિસર્ચ તેમજ નજર રાખવામાં આવશે. દક્ષિણ આફ્રિકામાં ૨૧ મેના દિવસે આ વેરિયન્ટનો પહેલો કેસ સામે આવ્યો હતો. કોરોનાના આ વેરિયન્ટને વૈજ્ઞાનિકો ખૂબ જ ખતરનાક ગણાવી રહ્યા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO)ના ટેક્નિકલ પ્રમુખ ડો. મારિયા વોને ટ્વીટ કરીને કહ્યું હતું કે સી.૧.૨ બાબતે વધુ ધ્યાન આપવાની જરૂર છે. WHO સતત દક્ષિણ આફ્રિકાના શોધકર્તાઓ સાથે સંપર્કમાં છે અને આના પર વિશેષ રિસર્ચ કરી રહ્યા છે અને તેમણે આફ્રિકાના શોધકર્તાઓનો આભાર પણ માન્યો છે કે તેમણે આ વેરિયન્ટ મળતાં તરત જ WHOને આના વિશે જાણકારી આપી અને તેના પર અત્યારે શોધ કરવામાં આવી રહી છે. WHOએ કહ્યું હતું કે ૨૧ મેએ આ વેરિયન્ટ સામે આવ્યા બાદ દુનિયાભરમાં આ વેરિયન્ટના ૧૦૦થી વધુ કેસો સામે આવ્યા છે. અમારે આ નવા વેરિયન્ટની વધુ સિક્વન્સ વિશે શોધ કરવાની જરૂર છે, કેમ કે હજી સુધી ડેલ્ટા વેરિયન્ટને જ સૌથી ઘાતક વેરિયન્ટ માનવામાં આવે છે. કોરોનાનાઆ વેરિયન્ટને વૈજ્ઞાનિકો વધુ ઘાતક ગણાવી રહ્યા છે. ૨૪ ઓગસ્ટે પ્રીપ્રિન્ટ રિપોઝિટરી મેડરેક્સિવ પર પિયર-રિવ્યુ અધ્યયન માટે પોસ્ટ કરવામાં આવેલા ડેટા અનુસાર સી.૧ની તુલનામાં કોરોનાનો આ વેરિયન્ટ C.1.2 ઝડપથી મ્યૂટેશન કરી શકે છે. આનો અર્થ એ છે કે કોરોનાના આ નવા વેરિયન્ટના સ્પાઈક પ્રોટીનમાં ઝડપથી ફેરફાર થઈ શકે છે.

# દેશમાં ગેસ સિલિન્ડર પર વધારો : અમદાવાદમાં સબસિડી વગરના સિલિન્ડરની કિંમત ૮૯૧.૫૦ રૂપિયા



ન્યુ દિલ્હી,

સરકારી ઓઈલ કંપનીઓએ આજે ૧ સપ્ટેમ્બરે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવ વધાર્યા છે. દિલ્હીમાં સબસિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે દિલ્હીમાં ૧૪.૨ કિલોના LPG સિલિન્ડર ૮૮૪.૫૦ રૂપિયાનો થઈ ગયો છે. જયારે અમદાવાદમાં સબસિડી વગરના સિલિન્ડરની કિંમત ૮૯૧.૫૦ રૂપિયા થઈ છે. આ પહેલા ૧૮ ઓગસ્ટે ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. એટલે કે ૧૪ દિવસમાં જ સબસિડી વગરનો સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘો થયો છે. છેલ્લા ૭ વર્ષમાં ઘરેલું ગેસ સિલિન્ડર(૧૪.૨ કિલોગ્રામ)ની કિંમત બેગણી થઈને ૮૮૪.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. ૧ માર્ચ ૨૦૧૪ના રોજ ૧૪.૨ કિલોના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ૪૧૦.૫ રૂપિયા હતી. જે હવે ૮૮૪.૫૦ રૂપિયા છે.

# ઈક્મટેક્સનું નવું પોર્ટલ સરખું ન ચાલતું હોવાની ફરિયાદો ઊઠી



અમદાવાદ,

એડવાન્સ ટેકસ ભરવાની મુદત ૧૫ સપ્ટેમ્બર છે.ટીડીએસ અને ટીસીએની મુદત દર માસની ૭ તારીખ સુધીમાં ભરવાનું હોય છે. જૂના ઈક્મટેકસ રિટર્ન ભરવાના બાકી હોય તેમાં કોઈ કરમાફી આપવામાં આવી નથી. કરદાતા દ્વારા ફાઈલ કરવાની થતી અપીલની મુદતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ત્રિમાસીક ટીડીએસ અને ટીસીએસની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. આમ સામાન્ય કરદાતાને લાગું પડતી રિટર્ન અને કમ્પલાઈન્સ કરવાની સમયમર્યાદામાં વધારો ન થતા કરદાતા મુશ્કેલીમાં મુકાયા છે.ઈક્મટેકસ ડિપાર્ટમેન્ટે નાની મોટી કમ્પલાઈન્સની મુદત પૂરી થતી હતી તેમાં ૨થી ૫ મહિનાનો વધારો કરવાની જાહેરાત કરી છે. ઈક્મટેકસ ડિપાર્ટમેન્ટનું પોર્ટલ છેલ્લા બે માસથી ચાલતું ન હોવાથી કરદાતાઓ રિટર્ન કે કમ્પલાઈન્સ ફાઈલ કરી શકતા નથી, જેને લઈને નાણામંત્રીએ કેટલાક રિટર્ન અને ફોર્મ ભરવાની મુદતમાં વધારો કર્યો હતો, પરંતુ કેટલાક મહત્ત્વના રિટર્નની મુદતમાં વધારો ન કરાતા વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જેમાં ઓડિટ, અપીલ, ટીડીએસ, ટીસીએસ અને એડવાન્સ ટેકસ ભરવાની મુદતમાં વધારો નથી કરાયો. પરંતુ ઘણા બધા રિટર્નની સમય મર્યાદા સપ્ટેમ્બર અને ઓકટોબર માસમાં પૂરી થાય છે. તેમાં કોઈ વધારો કરવામાં ન આવતા કરદાતા મુશ્કેલીમાં મુકાયા છે. જેમ કે ઓડિટ વગરના ઈક્મટેકસ રિટર્ન ભરવાની મુદત ૩૧ સપ્ટેમ્બર છે.

# દેશમાં એક દિવસમાં ૧.૨૫ કરોડ લોકોને રસી રેકોર્ડ



ન્યુ દિલ્હી,

દેશમાં પણ એક દિવસમાં રસીકરણનો રેકોર્ડ તૂટ્યો છે. ગત ૨૭ ઓગસ્ટે દેશભરમાં ૧.૦૨ કરોડને રસી અપાઈ હતી જે એક દિવસમાં સૌથી વધુ રસીકરણનો રેકોર્ડ હતો. પણ મંગળવારે ૧ કરોડ, ૨૫ લાખ, ૭૭ હજાર, ૯૮૩ લોકોને રસી અપાઈ એ સાથે આ રેકોર્ડ તૂટ્યો છે. આ આંકડો રાત્રે ૯.૩૦ વાગ્યા સુધીનો હોવાથી એમાં હજુ વધારે થઈ શકે છે. આ સાથે દેશમાં કુલ ૬૫ કરોડ લોકો કોરોનાની રસી મેળવી ચૂક્યા છે. જેમાંથી ૫૦.૨૫ કરોડથી વધુ લોકોને રસી પ્રથમ ડોઝ મળ્યો છે જ્યારે ૧૪.૯૩ લોકો બીજો ડોઝ મેળવી ચૂક્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે દેશમાં નવો કિર્તીમાન સ્થપાઈ ચૂક્યો છે. ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ દાવો કર્યો હતો કે દેશમાં આ વર્ષના અંત સુધીમાં સંપૂર્ણ વસ્તીને રસી આપી દેવામાં આવશે. ૧૦ કરોડ રસી ૮૫ દિવસમાં અપાઈ - ૨૦ કરોડ રસી ૪૫ દિવસમાં અપાઈ - ૩૦ કરોડ રસી ૨૯ દિવસમાં અપાઈ - ૪૦ કરોડ રસી ૨૪ દિવસમાં અપાઈ - ૫૦ કરોડ રસી ૨૦ દિવસમાં અપાઈ - ૬૦ કરોડ રસી ૧૯ દિવસમાં અપાઈ.

# ઉત્તરપ્રદેશનાં ૭ શહેરમાં દારૂ, માંસ નહીં વેચાય : મુખ્યમંત્રી યોગી



મથુરા,

શ્રીકૃષ્ણ જન્મસ્થળે ભગવાનનાં દર્શન કરવા મથુરા પહોંચેલા યોગીએ અહીંના રામલીલા મેદાનમાં જાહેરસભાને સંબોધતાં કહ્યું હતું કે ‘અહીંના લોકોની ઈચ્છા છે કે આ પવિત્ર સ્થળોએ દારૂ અને માંસનું વેચાણ ન થવું જોઈએ. હું તેમને ખાતરી આપું છું કે તેઓ ઈચ્છે છે એમ જ થશે.હ્ન મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ‘જિલ્લાતંત્રને જરૂરી કાર્યવાહીના આદેશ અપાયા છે. દારૂ-માંસના વેચાણ સાથે સંકળાયેલા લોકોને બીજા કોઈ કામની યોગ્ય તાલીમ આપીને તેમનું પુનર્વસન કરવું જોઈએ, તેમનું વ્યવસ્થિત ઢબે કાઉન્સેલિંગ થવું જોઈએ. તેમના માટે ડેરી ઉદ્યોગના નાના સ્ટોલ બનાવી દેવાય તો સારું રહેશે. અમારો ઉદ્દેશ કોઈને ઉજાડવાનો નથી. વ્યવસ્થિત પુનર્વસન કરવું છે અને આ કામમાં આ પવિત્ર સ્થળોને તે દિશામાં આગળ વધારવાની જરૂર છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે મથુરાના વૃંદાવન, ગોવર્ધન, નંદગાંવ, બરસાના, ગોકુળ, મહાવન અને બલદેવમાં ટૂંક સમયમાં દારૂ અને માંસનું વેચાણ બંધ કરીને તેની સાથે સંકળાયેલા લોકોનું અન્ય વેપાર-ધંધામાં પુનર્વસન કરાશે.

# ઉત્તર ગુજરાતમાં ઠેર-ઠેર વરસાદનું આગમન

પાટણ,

૨૫ દિવસના વિરામ બાદ પાટણ જિલ્લામાં શિતળા સાતમથી વરસાદનું આગમન થયું છે. જન્માષ્ટમીના દિવસે સિદ્ધપુર અને સરસ્વતીમાં બે ઈંચ, પાટણમાં દોઢ ઈંચ અને હારિજમાં અડધો ઈંચ વરસાદ વરસતા પાણી વગર સુકાતા ખરીફ પાકને હાલ પૂરતું જીવતદાન મળી જતા ખેડૂતો હરખાયા છે અને પશુઓ માટે ઘાસચારાની તંગીની શક્યતાઓ પણ ઘટી જશે જેને પગલે પશુપાલકોને રાહત થઈ છે. બીજી બાજુ સિદ્ધપુર સહિત આસપાસના કેટલાક વિસ્તારોમાં દિવેલાનું બાકી વાવેતર પણ થઈ શકશે. મંગળવારે પણ જિલ્લામાં પાટણ સહિત આસપાસના વિસ્તારમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડ્યા હતા.પાટણ જિલ્લામાં ૨.૭૦ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ વાવેતર થયું છે. પરંતુ વરસાદ ખેંચાતા જુવાર ઘાસચારો, કઠોળ, બીટી, કપાસ, દિવેલા સહિતનો પાક પાણી વગર મુરઝાવવા લાગતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા. પરંતુ જન્માષ્ટમીના તહેવારોમાં છેલ્લા ત્રણ દિવસથી પાટણ જિલ્લામાં વરસાદનું આગમન થતા પાણી વગર મૂરઝાતા જુવાર, ઘાસચારો, બીટી, કપાસ, કઠોળ, દિવેલા સહિતના પાકને જીવતદાન મળ્યું છે. ખેડૂતોને હવે પિયત આપવું નહીં પડે અને સિદ્ધપુર, પાટણ, ચાણસ્મા, સરસ્વતી સહિતના વિસ્તારમાં દિવેલા અને વરીયાળીનું વાવેતર પણ થઈ શકશે. જોકે, હજુ સમી, સાંતલપુર, સહિતના અંતરિયાળ વિસ્તારમાં વરસાદની જરૂરિયાત છે.સરસ્વતી પંથકમાં બે દિવસથી લાંબા સમય બાદ વરસાદી માહોલ છવાયો છે જેથી ખેડૂતોનો મુરજાતો મોલ દિવેલા,અડદ,જુવાર,બાજરીને એક પિયત જેટલું જીવદાન મળ્યું છે તેવું સાગોડિયાના ખેડૂત અમરતભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું.જિલ્લા ખેતીવાડી અધિકારી શૈલેષ પટેલે જણાવ્યું કે છેલ્લે ૪ ઓગસ્ટે પાટણ જિલ્લામાં વરસાદ થયો હતો ત્યારબાદ ૨૭ ઓગસ્ટથી વરસાદનું આગમન થયું છે. સરેરાશ ૨૫ દિવસ સુધી વરસાદ થયો ન થતાં ખેતી પાક પર સંકટ ઊભું થયું હતું પરંતુ સમયસર વરસાદ થતા હાલ પૂરતું સંકટ ટળ્યું છે. ૩૧ ઓગસ્ટ સુધી સીઝનનો ૪૨ ટકા વરસાદ થયો છે પરંતુ ૫૮ ટકાની ઘટ છે.જોકે જિલ્લાના છેવાડાના સાંતલપુર, રાધનપુર,સમી,શંખેશ્વર તાલુકામાં સામાન્ય વરસાદ થયો હતો. શંખેશ્વર તાલુકામાં માત્ર ૪ મીમી જ્યારે રાધનપુર, સાંતલપુર અને ચાણસ્મા તાલુકામાં ૧૦ મીમી વરસાદ થયું છે જોકે ખેતીવાડી વિભાગના અનુમાન મુજબ સપ્ટેમ્બર માસના આરંભ પૂર્વે વરસાદ શરૂ થયો હોય આગામી દિવસોમાં વરસાદની આશા બંધાઈ છે.

# ચીનની નવી પોલિસી ગેમિંગ માર્કેટ માટે મોટા ઝટકા સમાન



ન્યૂયોર્ક,

ચીનની નવી પોલિસી ગેમિંગ માર્કેટ માટે મોટા ઝટકા સમાન છે. ચીનમાં લાખો યુવાનો ઓનલાઈન ગેમ્સ રમે છે અને ગેમ ડેવલપર્સ માટે ચીન અત્યંત મહત્ત્વનું બજાર છે. ચીનના ઓડિયો-વીડિયો અને ડિજિટલ પબ્લિશિંગ એસોસિયેશનના મતે, આ વર્ષે પહેલા ત્રિમાસિકમાં ઉદ્યોગે રૂ. ૧.૪૬ લાખ કરોડની કમાણી કરી છે. પરંતુ સરકારની કડકાઈ પછી કંપનીઓએ વ્યૂહનીતિ બદલી છે. ગેમિંગ માટે આઈડીથી રજિસ્ટ્રેશન જરૂરી છે, જેથી કોઈ ખોટી ઉંમર જણાવી ના શકે. બીજી તરફ, અલીબાબા ગ્રૂપ અને ટેસેન્ટ જેવી કંપનીઓ પર સરકાર અગાઉથી જ ગાળિયો મજબૂત કરી ચૂકી છે. બાળકોમાં ગેમિંગના વધતા વ્યસન અને તેના દુષ્પ્રભાવોને ધ્યાનમાં રાખીને ચીને ઓનલાઈન ગેમિંગના નિયમો કડક કરવાનો નિર્ણય કર્યો છે. નવા નિયમો હેઠળ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને સપ્તાહમાં ત્રણ કલાકથી વધુ ઓનલાઈન ગેમ રમવાની મંજૂરી નહીં હોય. સ્કૂલ ચાલુ હશે ત્યારે ઓનલાઈન ગેમ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત વીકેન્ડ અને રજાના દિવસોમાં પણ તેઓ એક કલાકથી વધુ સમય ગેમ નહીં રમી શકે. ચીન સરકારે સોમવારે તેને લઈને નિયમો પણ જાહેર કરી દીધા છે. ચીનના નેશનલ પ્રેસ એન્ડ પબ્લિકેશન ટ્રસ્ટના મતે, જૂના નિયમો પ્રમાણે સામાન્ય દિવસોમાં દોઢ કલાક અને વીક-એન્ડના ત્રણેક દિવસ ત્રણ કલાક સુધી ઓનલાઈન ગેમિંગની છૂટ હતી. જોકે, માતા-પિતાની ફરિયાદો પ્રમાણે આ ખૂબ ઉદાર નિયમો છે. વળી, તે કડકાઈથી લાગુ પણ નહોતા થતા. હવે નવા નિયમો ફક્ત શુક્રવાર, શનિવાર અને રવિવારે રાત્રે ૮થી ૯ વાગ્યા સુધી રમવાની મંજૂરી જ આપે છે. ચીન સરકાર તેનું દેખરેખ તંત્ર પણ મજબૂત બનાવી રહી છે, જેથી સુનિશ્ચિત થઈ શકે કે ગેમિંગ કંપનીઓ આ પ્રતિબંધને યોગ્ય રીતે લાગુ કરી રહી છે કે નહીં. આ મુદ્દે થયેલા ઓનલાઈન સવાલ-જવાબમાં અનેક વાલીઓએ કહ્યું હતું કે, ગેમિંગના વ્યસનથી બાળકોનો અભ્યાસ, જીવનની સાથેસાથે માનસિક-શારીરિક આરોગ્ય પર પણ ગંભીર અસર પડે છે. તેથી તેમની માગ હતી કે, ગેમિંગ પર પ્રતિબંધ મૂકાય અથવા તો તેનો સમય ઘટાડાય. શેનઝેનમાં એક કંપનીમાં કર્મચારી લિલી ફેંગ કહે છે કે, કેટલાક બાળકો માતા-પિતાનું નથી સાંભળતા. આ સ્થિતિમાં નવી પોલિસી મદદરૂપ થઈ શકે. સારું લાગ્યું કે, સરકાર બાળકોનું ભલું કરવા કડક પગલાં લઈ રહી છે. બેજિંગ ચિલ્ડ્રન લીગલ એડ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા જારી રિપોર્ટમાં કહેવાયું છે કે, અમને ફરિયાદ મળતી હતી કે, બાળકો ગેમિંગનો સમય વધારવા નવી નવી પદ્ધતિઓ શોધતા હતા. માતા-પિતાની ફરિયાદો હતી કે, ગેમિંગના વ્યસનથી તેમના બાળકોમાં સ્વભાવ, વ્યક્તિત્વમાં ઘણાં નકારાત્મક પરિવર્તન આવતા. એટલે સરકાર પર કડક વલણ અખત્યાર કરવાનું દબાણ સર્જાયું હતું.

## ટીંટોઈ ગામે પિતાએ દીકરીના પ્રેમીને મોતને ઘાટ ઉતાર્યો - હત્યાની ટેકનિક જાણી પોલીસ પણ ચોંકી ગઈ

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના ટીંટોઈ ગામની સીમમાંથી હત્યા કરાયેલ લાશ મળવાના મામલે પોલીસે ભેદ ઉકેલી કાઢ્યો છે. જીવ ગુમાવનાર મૃતક યુવક પ્રેમ સંબંધ હોવાથી યુવતીના પિતાએ દીકરીના પ્રેમીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. સમાજમાં બદનામીના ડરને લઈ પિતાએ પોતાના બે મિત્રો સાથે મળી દીકરીના પ્રેમીને કરંટ આપી મોતને ઘાટ ઉતારી દીધો ત્યારબાદ લાશને અવાવરૂ કુવામાં નાખી દીધી હતી.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

પ્રાપ્ત માહિતી અનુસાર, તા. ૨૪-૮-૨૦૨૧ના રોજ લુણાવાડા તાલુકાના ટીંટોઈ ગામની સીમમાં એક અવાવરૂ કુવામાંથી એક યુવકની લાશ મળી આવી હતી. આ મામલે પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પીએમ માટે મોકલી આપ્યો હતો. જેમાં શરીર પર ઈજાના નિશાન મળી આવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. પોલીસે એફએસએલ અને ડોગ સ્કવોડની મદદથી તપાસ હાથ ધરી હત્યાના બનાવના સ્થળને શોધી હત્યાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. જેમાં હત્યા પાછળ પ્રેમ પ્રકરણ સામે આવ્યું છે. જેમાં ટીંટોઈ ગામમાં રહેતા બળવંતસિંહ બારીયા નામના આરોપીની દીકરીને ગામના જ શૈલેન્દ્ર બારીયા સાથે પ્રેમ સંબંધ ચાલતો હતો. બંને પ્રેમી પંખીડા અવાર નવાર ગામના ભુપેન્દ્રસિંહ બારીયા અને ભારતસિંહ બારીયાના ખેતરમાં મુલાકાત કરતા હતા. આ મામલાની જાણ ખેતર માલિકોને થઈ ગઈ હતી. આ બંને ખેતર માલિક યુવતીના પિતાના મિત્ર હતા. તેમણે યુવતીના પિતાને આ વાતની જાણ કર્યા બાદ યુવકની હત્યાનો પ્લાન બનાવ્યો. યુવતીના પિતા બળવંતસિંહ બારીયા અને તેમના બે મિત્ર ભુપેન્દ્રસિંહ બારીયા તથા ભારતસિંહ બારીયાએ જે જગ્યા પર પ્રેમી પંખીડા મળતા હતા. તે સ્થળે તારનીવાડમાં કરંટ મુકી દીધો, ત્યારબાદ પ્રેમી યુવક આવતા તે જેવો તારની વાડને અડ્યો તેવો કરંટથી બળી ગયો અને તેનું મોત નિપજ્યું. ત્યારબાદ યુવકની લાશને ખેતરથી ૧ કિમી દુર એક અવાવરૂ કુવામાં નાખી દીધી હતી. પોલીસે મુખ્ય આરોપી પિતા બળવંતસિંહ બારીયા, મદદગાર ખેતર માલિક ભુપેન્દ્રસિંહ બારીયા તથા ભારતસિંહ બારીયાની ધરપકડ કરી તેમની વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

**સમાજમાં બદનામીના ડરે પ્રેમી યુવકની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે : હ્યુમન રિસોર્સિંગની મદદથી હત્યાનો કેસ ઉકેલવામાં સફળતા મળી**

### ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલવામાં માસ્ટરમાઈન્ડ PSI એસ.એલ. કામોલ

ગોલના પદ્લા ગામે થયેલ દંપતીની હત્યાના ભેદ ન ઉકલતા જિલ્લાની પોલીસ કામે લાગી હતી. તે સમયે કોઠાંબા PSI એસ.એલ. કામોલ દ્વારા હત્યાનો ભેદ ઉકેલતાં જિલ્લા પોલીસ વડા દ્વારા સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યારે ફરી એક વાર ટીંટોઈ ગામે હત્યાનો ભેદ ઉકેલતાં માસ્ટરમાઈન્ડ સાબિત થયા.

## દે.બારીયાના ઉચવાન ગામે પાનમ નદીમાં રેતી ખનન કરતાં ૧૫ વાહનો ગોધરા ખાણ-ખનિજ વિભાગે ઝડપ્યા

દે.બારીયા,

દે. બારીયા તાલુકામાં પાન નદી માંથી ગેરકાયદેસર રેતી ખનનનો કાળો કારોબાર ફુલો ફાલ્યો છે. બેફામ ખનિજ ચોરી કરતાં તત્વોને ઝડપી પાડવા માટે આજરોજ ગાંધીનગર ફલાઈંગ સ્કોર્ડ હુકમ થી ગોધરા ખાણ-ખનિજ વિભાગે ઉચાવન ગામે સર્ચ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ વાહનો ઝડપી પાડવામાં આવતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.



દાહોદ જીલ્લાના દે.બારીયા તાલુકામાં પાનમ નદી માંથી ગેરકાયદેસર રેતી ખનનનો કાળો કારોબાર કરતાં ખનિજ માફિયાઓને કોઈ ડર ન હોય તેમ બેફામ બનીને રેતી ખનન કરતા હોય છે. દાહોદ ખાણ-ખનિજ વિભાગ દ્વારા એકાંતરે રેડ કરીને રેતી ખનન કરતા વાહનો અને રેતી વહન કરતા વાહનોને ઝડપી પાડવામાં આવતાં હોય છે. છતાં ખનિજ માફિયાઓ પાનમ નદી માંથી રેતી ખનન કરતા હોય છે. ત્યારે દે.બારીયાના ઉચવાન ગામે ફલાઈંગ સ્કોડ ગાંધીનગરના હુકમ થી ગોધરા ખાણ-ખનિજ વિભાગના એ.ડી.ચૌધરીની ટીમ દ્વારા પાનમ નદીમાં સર્ચ કરવામાં આવ્યું હતું. રેડ દરમિયાન ૧ હિટાચી મશીન, ૧૧ રેતી ભરવા આવેલ ટ્રક અને ટર્બો, ૩ ટ્રેકટર મળી ૧૫ વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. દે.બારીયાના ઉચવાન ગામે ગોધરા ખાણ-ખનિજ વિભાગની ટીમે સર્ચ કરી વાહનો ઝડપી પાડતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

## ગાંધીનગરમાં ૨ દિવસમાં ૩ અકસ્માત : ૩નાં મોત નીપજ્યાં

ગાંધીનગર,

જન્માષ્ટમીની પૂર્વ રાત્રિએ ચ-૦ સર્કલ પાસેથી અમદાવાદ તરફ જઈ રહેલા ટુ વ્હીલરને કારચાલકે ટક્કર મારી હતી. રાહુલ મહેશભાઈ ત્રિવેદી (રહે. ગણપત સોસા., શાહીબાગ)એ ફરિયાદ નોંધાવી હતી કે, પોતાનુ સુઝુકી એક્સેસ લઈને શહેરમા રહેતા તેમના ફૂવાને ત્યા મહેમાનગતિ માણવા આવ્યા હતા. મોડી સાંજે તેમની મમ્મી યોગીનીબેન, બહેન જૈમીનીને લઈ એક્સેસ ઉપર શાહીબાગ જવા નિકળ્યા હતા. ત્યારે ચ૦ સર્કલ તરફથી શાહીબાગ તરફ જતા ધોળાકૂવા પાસે પહોંચતા કાર નંબર જીજે ૧૮ બીએલ ૮૮૪૦નો ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો.જેમાં ટુ વ્હીલર પર સવાર માતા પૂત્રીના સ્થળ ઉપર જ મોત થયા હતા. જ્યારે ચાલક રાહુલને ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવને લઈને સ્થળ ઉપર લોકોના ટોળે ટોળાં એકઠા થઈ ગયા હતા. ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી ફરાર ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. બીજા બનાવમાં મુકેશ દશરથજી ઠાકોર (રહે, બોરીજ, રતન ટેકરી ) સીએમ હાઉસમાં કોન્ટ્રાક્ટમાં ફરજ બજાવે છે. સેક્ટર ૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેના ૫૦ વર્ષિય પિતા દશરથજી બેચરજી ઠાકોર ખાનગી નોકરી કરતા હતા.જન્માષ્ઠમીની રાત્રિએ આશરે સવા આઠ વાગ્યાના અરસામા સેક્ટર ૨૧ શાકમાર્કેટમા જવાનુ કહીને ઘરેથી નિકળ્યા હતા. દરમિયાન ગામ પાસે જ આવેલા જૈન દેરાસર પાસે પહોંચતા એક વેગનઆર કાર નંબર જીજે ૦૧ એચકે ૨૭૦૮નો ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. જેમા દશરથજીનુ મોત થયુ હતુ. મુકેશે ફરાર કારચાલક સામે ગુનો નોંધાવ્યો હતો. ત્રીજા બનાવમાં રમેશ પિતામ્બરભાઈ પરમાર (રહે, મંગલમ ફ્લેટની સામે, બાપુનગર. મૂળ રહે, મીઠા ગામ, જોટાણા) એક્ટીવા લઈને પોતાના વતન મીઠા ગયા હતા.જ્યારે બીજા દિવસે તેમના એક્ટીવા ઉપર પત્નિ અરૂણાબેન અને દિકરા આદી સાથે પરત આવી રહ્યા હતા. ત્યારે પિંપળજ પાટિયા પાસે પહોચતા એક પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી બ્રેઝા કાર નંબર જીજે ૧૮ બીએલ ૫૪૨૭ના ચાલકે ટક્કર મારતા એક્ટીવા ચાલકે ટક્કર મારતા તેમની પત્નિ અને તેમને ઈજાઓ થઈ હતી. જ્યારે કાર ચાલક ટક્કર માર્યા બાદ ચાલક કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. આ બનાવની ફરિયાદ પેથાપુર પોલીસ મથકમા કરવામા આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ શહેરમાંથી બે બાઈકોની ચોરી કરી પોલીસને પડકારતા વાહન ચોરો

દાહોદ,

દાહોદ શહેરમાંથી એકજ દિવસમાં ધોળે દિવસે એક સાથે બે મોટરસાઈકલોની ચોરી થતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. જાણવા મળ્યાં અનુસાર, મોટરસાઈકલ ચોરીની ઘટના નજીકના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ જતાં પોલીસે ચોરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદ શહેરમાં આવેલ ગોવિંદ નગર વિસ્તારમાં સહયોગ નગર સોસાયટીમાં રહેતાં કિરણભાઈ રણછોડભાઈ પ્રજાપતિ અને દાહોદ શહેરમાંજ રહેતાં અન્ય એક વ્યક્તિ તાહા ફકરૂદ્દીનભાઈના મિત્ર પંકજભાઈની મોટરસાઈકલ ગત તા.૩૦મી ઓગષ્ટના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કિરણભાઈ રણછોડભાઈ પ્રજાપતિ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળ્યાં અનુસાર, મોટરસાઈકલ ચોરીની ઘટના વિસ્તારમાં નજીકમાં લાગેલ સીસીટીવી ફુટેજમાં કેદ થઈ જતાં પોલીસે આ તરફ પણ તપાસનો ધમધમાટ આરંભ કરી મોટરસાઈકલ ચોરોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે. ત્યારે અત્રે ઉલ્લેખની છે કે, હાલ દાહોદ શહેર સહિત જિલ્લામાં ફરીવાર મોટરસાઈકલ ચોર ટોળકી સક્રિય બની છે અને ધોળે દિવસ મોટરસાઈકલોની ચોરી કરી ચોરો રફુચક્કર થઈ જતાં હોય છે ત્યારે સમગ્ર મામલે વાહન ચાલકોમાં રોષની લાગણી પણ જોવા મળી રહી છે.

## ગાંધીનગર વસાહત મહાસંઘ દ્વારા કચરાની ડોલ મુદ્દે મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત

ગાંધીનગર,

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર ધ્વારા ૧૦ વર્ષોથી ચાલતી આવતી ડોર ટુ ડોર કચરો લેવાની કામગીરીમાં ફેરફાર કરીને વર્ગીકૃત કચરો જ લેવાની ફરજ પાડવામાં આવી રહી છે. જેની સામે ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ નાગરિકોએ સામૂહિક રીતે કોર્પોરેશનનાં નિર્ણયનો બહિષ્કાર કરીને આંદોલન છેડી દેવામાં આવ્યું છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને નાગરિકો વચ્ચે ચાલતો કચરાનો કકળાટ મુખ્ય મંત્રી વિજય



રૂપાણી સુધી પહોંચ્યો છે. શહેર વસાહત મહા સંઘ ધ્વારા મુખ્ય મંત્રીને લેખિતમાં રજૂઆત કરીને કચરાની ડોલો અપાવવા માટે માંગણી કરવામાં આવી છે. બીજી તરફ કચરો ખોખાનાં પુઠામાં આપો કે કૂંડામાં આપો બાકી નગરજનોને ડોલો આપવામાં નહિ આવે તેવો કોર્પોરેશન તંત્ર ધ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.કોર્પોરેશન તંત્રએ છેલ્લા પાંચ વર્ષથી કચરાની ડોલો નગરજનોને આપી નથી. ત્યારે વર્ગીકૃત કચરો લેવાનો નિર્ણય નાગરિકો પર થોપી દેવામાં આવ્યો છે. જેનાં પગલે ડોલ નહીં તો ટેક્ષ પણ નહીં ની માંગણી સાથે શહેર વસાહત મહા સંઘ ધ્વારા કોર્પોરેશન તંત્ર સામે પ્રજાના હિતમાં બાંયો ચઢાવવામાં આવી છે.વારંવાર રજૂઆત કરવા છતાં કોર્પોરેશન ધ્વારા કોઈ કાળે ઝુકવા તૈયાર નથી. અને બીજી તરફ ડોલો આપવા માટે માંગણી કરવામાં આવી આવી છે. ગાંધીનગરની જનતા કોર્પોરેશન તંત્રના નિર્ણયને સહકાર આપવા તૈયાર છે પણ તંત્ર ધ્વારા પેહલા ડોલો પણ આપવામાં આવે તેવું ઈચ્છી રહી છે. જેનાં કારણે ડોલો ની માથાકૂટમાં કચરાનો કકળાટ ચરમ સીમાએ પહોંચી ગયો છે.આ અંગે શહેર વસાહત મહા સંઘના પ્રમુખ કેસરીસિંહ બીહોલા એ જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કમિશનરને ડોલો આપવા માંગ કરાઈ હતી પરંતુ તેઓ કોઈ કાળે કોર્પોરેશન માં ખર્ચે ડોલો આપવા તૈયાર નથી. એકતરફ તંત્ર ધ્વારા એડવાન્સમાં વેરો ઉઘરાવી લેવાય છે તો એજ રકમમાં રિબેટ આપવામાં આવે. જેમાથી વસાહતીઓ ડોલો વસાવી શકે.તેમ છતાં કોર્પોરેશન દ્વારા વર્ગીકૃત કચરા સિવાય કચરો નહીં તેવો નિર્ણય ઠોકી બેસાડવા માં આવ્યો છે. જેથી આ મુદ્દે મુખ્યમંત્રી વિજય રૂપાણી ને લેખિતમાં રજૂઆત કરી ડોલો માટેની માંગણી કરવામાં આવી છે. આગામી પંદર દિવસમાં કોઈ નિર્ણય લેવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું. જ્યારે મ્યુનિસિપલ કમિશનરે પણ નિવેદન જાહેર કર્યું છે કે ગાંધીનગરના પ્રબુદ્ધ લોકો તરફથી મહાનગરપાલિકાને ખૂબ સારો સહકાર મળી રહ્યો છે. ડસ્ટબિન એ પ્રશ્નનું નિરાકરણ નથી. કચરો જુદો જુદો સંગ્રહ કરવાની ટેવને આત્મસાત કરવું એ જ આ યક્ષપ્રશ્નનું સાચું નિરાકરણ છે. મહાનગરપાલિકાની માગણી માત્ર કચરો જુદો જુદો આપવાની છે. પૂંઠાના ખોખામાં આપે કે તૂટેલા કૂંડામાં આપે, બધું મહાનગરપાલિકા સ્વીકારી લેશે. માત્ર જુદો આપે એટલી જ પ્રાર્થના છે.

## તમારા વાહનના હપ્તા બાકી હોય તો ચેતજો રીકવરી ગેંગ સક્રીય થઈ છે

વડોદરા,

કોરોનાકાળમાં વાહનના હપ્તા બાકી હોય અને તમે અમદાવાદ- સુરત વચ્ચેથી પસાર થઈ રહ્યા હોવ તો ચેતજો. વાસદ-દુમાડથી પાલેજના સાંસરોદ વચ્ચે દાદાગીરી કરીને કાર પડાવી લેતી ગેંગ સક્રિય બની છે. છથી વધુ સ્થળે કાર લઈને ઉભેલી ટોળકી કાર સહિતના વાહનનો નંબર જોઈને પીછો કરે છે અને ત્યારબાદ ગુંડાગીરી કરીને કાર સીઝ કરે છે. ચોંકાવનારી વાત તો એ છે કે, કારમાં મહિલા, બાળકો સહિતનો પરિવાર હોય તો પણ તેમને રસ્તામાં ઉતારી મૂકાય છે. આ ષડ્યંત્રમાં છેલ્લા ૭ મહિનામાં ૧૦૦થી વધુ કાર સહિતનાં વાહનો આંચકી લેવાયાં હોવાનું આધારભૂત સૂત્રો જણાવી રહ્યાં છે. વાહન માલિક વડોદરાનો જ નહીં રાજ્યના કોઈપણ ખૂણાનો હોય કે પરપ્રાંતનો હોય તો પણ તેની કાર સીઝ કરી દેવાઈ છે. આવો જ કિસ્સો સુરતના પરિવાર સાથ બન્યો હતો. કોરોના કાળમાં વેપાર-ધંધામાં થયેલી માઠી અસરને લઈને કાર લોન લેનારને ૬ મહિનાનો મોરાટોરિયમ પિરિયડ અપાય હતો. લોનના હપ્તા બાકી હોય તેવા વાહનમાલિકોને રાહત અપાઈ હતી. જોકે ત્યારબાદ ફાઈનાન્સ કંપનીઓ દ્વારા માથાભારે તત્ત્વોને લોન બાકી હોય તેવાં વાહનો જપ્ત કરવાની કામગીરી સોંપાઈ છે. છેલ્લા કેટલાક દિવસથી સુરતથી અમદાવાદ સુધીના હાઈવે પર થોડા થોડા અંતરે આવી ટોળકી કાર લઈને ઊભી હોય છે, જે કાર સહિતનાં વાહનોનો નંબર જોઈને પીછો કરી આંતરે છે. મોટાભાગના કિસ્સામાં પરિવાર સાથે નીકળેલા વાહનમાલિકને અડધા રસ્તે કાર લઈને રઝળતા કરી દેવાય છે. દર ૧૦થી ૨૦ કિલોમીટરના અંતરે રિકવરી ગેંગના નામે માથાભારે તત્ત્વો ડિફોલ્ટરોનું ચેકિંગ કરી રહ્યા છે. હાઈવે આસપાસ સીઝ કરેલી કારને મૂકવા ૧૫ ગોડાઉન આવેલા છે. છેલ્લા ૭ મહિનામાં આ રીતે ૧૦૦થી વધુ કાર સહિતનાં વાહનો સીઝ કરી લોકોને રસ્તે રઝળતા કરી દીધા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.કરજણ ટોલનાકા પર અગાઉ સુરતથી ડાકોર દર્શન કરવા જતાં પરિવારની તવેરા કારને રિકવરી ગેંગે અટકાવી હતી. કારમાં મહિલાઓ, બાળકો સહિત ૮ જણા મુસાફરી કરી રહ્યાં હતાં. તમારા કારના ૬ હપ્તા બાકી છે, તેમ કહી સીઝ કરવા દબાણ કર્યું હતું. વાહનમાલિક એક હપ્તો સ્થળ પર જ ચૂકવવાની તૈયારી બતાવી પગે પડી ગયો હતો. દર્શન કરીને કાર સોંપી દેશે તેવી તૈયારી બતાવી હતી, પરંતુ ગેંગે કરજણ સ્થિત ઓફિસે લઈ જઈ પરિવારના ૮ સભ્યોને ત્યાં ઉતારી દીધા હતા અને કાર પોર પાસેના શ્રી રામ ઓટો મોલમાં મૂકાવી દીધી હતી. આ ગેંગ ટોલનાકા પર જ રોજની ૭થી ૮ કારને અટકાવે છે.કેટલાક લોકો પાસે તોડ કરાવી કાર છોડી મૂકે છે, જ્યારે અન્યની કાર સીઝ કરે છે. કોઈ વિરોધ કરે તો તેને માર મારી ગુંડાગીરી પણ કરે છે. રિકવરી ગેંગ હાઈવે પર રોડની સાઈડમાં કાર ઊભી રાખે છે. આ કારને આડી રાખવામાં આવે છે, જેથી ડિફોલ્ટરની કારનો સરળતાથી પીછો કરી શકાય. કારમાં ૪ થી ૫ શખ્સો બેઠા હોય છે. તેઓ સતત મોબાઈલ પર કારના નંબરોનું સર્ચ કરતા હોય છે. ડિફોલ્ટરની કાર જતી દેખાય એટલે તેનો પીછો કરી રસ્તામાં આંતરી કાર સીઝ કરે છે.

## ફતેપુરા નાની ઢેઢલી ગામે પોલીસે રેઈડ કરી સાત જુગારીયાને ઝડપ્યા

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના નાની ઢઢેલી ગામે જાહેરમાં પાના પત્તા વડે હારજીતનો જુગાર રમતાં ૦૭ જુગારીઓને પોલીસે દબોચી લઈ તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૦,૮૫૦ ની રોકડ રકમ કબજે કરી મોબાઈલ ફોન મળી પોલીસે કુલ રૂા.૧૫,૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૩૧મી ઓગષ્ટના રોજ નાની ઢઢેલી ગામે ભેદી ફળિયામાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતાં હરેશભાઈ જીવાભાઈ પરમાર, રાકેશભાઈ પુંજાભાઈ કટારા, મુકેશભાઈ પારસીંગભાઈ પારગી, પારસીંગભાઈ કલાભાઈ ભેદી, ભગીરથભાઈ રણછોડભાઈ પરમાર, મિનેષભાઈ દિનેશભાઈ ભેદી અને સંજયભાઈ બાબુભાઈ પારગી (તમામ રહે. નાની ઢઢેલી અને માધવા, તા. ફતેપુરા, જિ.દાહોદ) નાઓ પત્તા પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમતાં હતાં. પોલીસને મળેલ બાતમીના આધારે જુગાર ધામ પર ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતા પરંતુ પોલીસે જુગારીઓને ચારેય તરફથી ઘેરી લઈ દબોચી લીધાં હતાં અને તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૦,૮૫૦ અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧૫,૮૫૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ ઝડપાયેલ જુગારીઓ વિરૂધ્ધ સુખસર પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉત્તરાખંડમાં ભારે વરસાદને પગલે ચારધામ યાત્રા અટકી

દેહરાદૂન,

ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે સરહદો તરફના બધા મુખ્ય માર્ગો સહિત નાના રસ્તા સંપૂર્ણ બંધ છે. ભારે વરસાદ બાદ પૂર, ભૂસ્ખલન અને વાદળ ફાટવા જેવી ઘટનાઓને કારણે સરહદી ગામોમાં હેલિકોપ્ટર દ્વારા રાશન, ખાદ્ય સામગ્રી પહોંચાડાઈ રહી છે. રાજ્યની તમામ નદીઓ ભયજનક સપાટીની આસપાસ કે ઉપર વહી રહી છે. સંવેદનશીલ વિસ્તારોમાં SDRF મોકલવા તૈયારી કરાઈ રહી છે. પર્યટકોને પણ હાલ પર્વતાળ વિસ્તારોમાં જવાનું ટાળવા એલર્ટ કરાયા છે. હવામાન ખાતાના જણાવ્યું કે હજુ થોડાં દિવસ રાજ્યના ઘણાં વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે, જેના પગલે મોટા પાયે ભૂસ્ખલન થઈ શકે છે. ઉત્તરાખંડના રાજ્યના ૨૮૮ મુખ્ય માર્ગો બંધ છે. ચારધામના હાઈવે પણ વિવિધ સ્થળે બંધ છે, જેથી યાત્રાળુઓ પણ ચારધામ સુધી પહોંચી શકતા નથી. રસ્તા બંધ હોવાથી ઉત્તરકાશી, ચમોલી અને પિથૌરાગઢ જિલ્લાના સરહદી ગામોને સૌથી વધુ તકલીફ પડી રહી છે. ચીન સરહદ પરના અંદાજે ૧૪૫ ગામ સંપૂર્ણપણે સંપર્કવિહોણા થઈ ગયા છે જ્યારે પિથૌરાગઢના જુમા ગામમાં ઘણાં મકાનો ધરાશાયી થયા છે. ૩ લોકોના મોત થયા છે અને ૮ લોકો લાપતા છે. ગ્રામીણોનું કહેવુંછે કે ઘણાં લોકો પાણીમાં તણાયા. અહીં હજુ ૨ દિવસ ભારે વરસાદની શક્યતા છે. બીજી તરફ દિલ્હી, મહારાષ્ટ્ર, યુપી, એમપી અને આસામ સહિત ઘણાં રાજ્યોમાં ભારે વરસાદ થયો છે. દિલ્હી અને મુંબઈના મોટા ભાગના રસ્તા જળબંબાકાર થઈ જતાં ઠેર-ઠેર ટ્રાફિક જામ થયો હતો.

## મહામારીમાં આયુર્વેદિક ઉત્પાદનોની માગ વધી

ન્યુ દિલ્હી,

૨૦૨૦-૨૧માં દેશની નિકાસ ઘટીને -૭.૧% સુધી પહોંચી ગઈ હતી. આ દરમિયાન આયુર્વેદની નિકાસ ૧૩% વધી. તેના મોટા આયાતકારોમાં અમેરિકા, યુએઈ અને રશિયા સામેલ છે. ૨૦૧૪-૧૫થી ૨૦૧૭-૧૮ દરમિયાન પણ આયુર્વેદિક પ્રોડક્ટ્સની નિકાસ વધી હતી. બીજી તરફ યૂગોવ-મિન્ટ-સીપીઆર મિલેનિયલ્સના સરવે મુજબ ઓછું ભણેલા અને યુવાનોમાં એલોપથીની સરખામણીમાં આયુર્વેદ પર ભરોસો વધ્યો છે. સરવેમાં ૨૦૩ શહેરના ૧૦,૨૮૫ લોકોને આવરી લેવાયા. કોરોના મહામારીથી બચવા દુનિયાભરમાં રસીકરણ ચાલી રહ્યું છે. જોકે, રોગપ્રતિકારક શક્તિ વધારવા આ એલોપેથી વેક્સિન ઉપરાંત અન્ય પ્રાકૃતિક અને દેશી પ્રોડક્ટ્સનો ઉપયોગ પણ વધ્યો છે. આંકડા દર્શાવે છે કે મહામારીમાં આયુર્વેદિક ઉત્પાદનોની માગ ઘણી વધી છે. એક અગ્રણી આયુર્વેદ કંપનીનો તો એપ્રિલથી જૂનના ક્વાર્ટરમાં બિઝનેસ ૫૦% વધી ગયો છે. કંપનીઓ અને બજારનું વિશ્લેષણ કરતી સંસ્થા કંતારના જણાવ્યાનુસાર શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ ચ્યવનપ્રાશ, મધ, હર્બલ ટી જેવી પ્રોડક્ટ્સવાળા સેગ્મેન્ટમાં વાર્ષિક ધોરણે શહેરી વિસ્તારોમાં ૩૮% વૃદ્ધિ નોંધાઈ. આયુર્વેદ પર ભરોસો વધવાનું બીજું કારણ સરકારનું સમર્થન પણ રહ્યું. કેન્દ્રે આયુર્વેદ સહિત અન્ય વિભાગોવાળા આયુષ મંત્રાલયનું બજેટ ૭ વર્ષમાં ૫ ગણા જેટલું કરી દીધું છે. આયુર્વેદિક ઈન્ડસ્ટ્રી અંદાજે ૩૦ હજાર કરોડ રૂ.ની થઈ ચૂકી છે.

## એર ઈન્ડિયા દ્વારા દરેક રાજ્યની ગાઈડલાઈન જાહેર કરી

ન્યુ દિલ્હી,

એર ઈન્ડિયાએ તાજેતરમાં જ કોરોનાને અનુલક્ષીને ડોમેસ્ટિક પેસેન્જર્સ માટે રાજ્ય પ્રમાણેની નવી ગાઈડલાઈન્સ જાહેર કરી છે. આંદામાન : મુસાફરીના ૪૮ કલાક પહેલાં RT-PCR ટેસ્ટ કરાવવો. તમામ મુસાફરોએ રેપિડ એન્ટિજન્ટ ટેસ્ટ કરાવવો જરૂરી. આંદામાનમાં આવનારા તમામ મુસાફરો માટે ૭ દિવસ હોમ ક્વોરન્ટીન રહેવું ફરજિયાત છે. ગોવા : ગોવામાં મુસાફરી કરી રહેલા પેસેન્જરે કોવિડ-૧૯ની રસીના બન્ને ડોઝ લીધા હોય, કોઈ લક્ષણ દેખાતાં ન હોય તો તેમને માટે RT-PCR ટેસ્ટ કરાવવો જરૂરી નથી. જોકે ૨ વર્ષથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિએ RT-PCR ટેસ્ટ રિપોર્ટ લઈ જવો જરૂરી છે. પેસેન્જર તેની મુસાફરીના ૧૪ દિવસ પહેલાં ફુલ્લી વેક્સિનેટેડ હોવો જોઈએ. આંધ્રપ્રદેશ : કોરાનાનાં કોઈપણ લક્ષણ ન દેખાતાં હોય



તેવા પેસેન્જરે પણ અહીં ૧૪ દિવસ હોમ ક્વોરન્ટીન રહેવું ફરજિયાત છે. આસામ : એરપોર્ટ પર ઊતર્યા પછી રેપિડ એન્ટિજન્ટ ટેસ્ટ કરાવવો ફરજિયાત છે. જો આ ટેસ્ટમાં પેસેન્જરનો રિપોર્ટ પોઝિટિવ આવે તો તેણે ૧૪ દિવસ ક્વોરન્ટીન રહેવું જરૂરી છે. પેસેન્જરે પોતાની સાથે RT-PCR ટેસ્ટ રિપોર્ટ લાવવો ફરજિયાત છે અને સાત દિવસનું હોમ ક્વોરન્ટીન જરૂરી છે. બિહાર : પટના અને અન્ય એરપોર્ટ પર આવતા ડોમેસ્ટિક પેસેન્જરે RT-PCR કરાવવાની જરૂર નથી. જોકે તમામ પેસેન્જર્સનો કોવિડ-૧૯નો ટેસ્ટ કરવામાં આવશે અને જેમનો રિપોર્ટ પોઝિટિવ આવશે તેમને હોમ ક્વોરન્ટીન રહેવાનું કહેવામાં આવશે. દિલ્હી : એરપોર્ટ પર ઊતર્યા પછી તમામ પેસેન્જરનું થર્મલી સ્ક્રીનિંગ થશે અને લક્ષણો ધરાવતા પેસેન્જર્સે ૧૪ દિવસ ક્વોરન્ટીન રહેવું પડશે. રસીના બંને ડોઝ લઈ ચૂકેલા કોઈ લક્ષણ ન ધરાવતા તમામ પેસેન્જરે RT-PCR રિપોર્ટ કરાવવો જરૂરી નથી. કેરળ : કેરળમાં આવી રહેલા પેસેન્જરે મુસાફરીના ૭૨ કલાક પહેલાં RT-PCR ટેસ્ટ કરાવવો ફરજિયાત છે. ગુજરાત : ગુજરાતમાં આવવા પર RT-PCR ટેસ્ટની જરૂર નથી. જોકે જે પેસેન્જર સુરત જઈ રહ્યા છે તેમણે SMC કોવિડ-૧૯ ટ્રેકર પ્લે સ્ટોરમાંથી ઈન્સ્ટોલ કરવું જરૂરી છે. ઉત્તરાખંડ : ગુજરાત, મહારાષ્ટ્ર અને કેરળમાંથી અહીં આવી રહેલા પેસેન્જરનો કોવિડ-૧૯ ટેસ્ટ ફ્રીમાં કરવામાં આવશે. જે પેસેન્જરનો RT-PCR/એન્ટિજન્ટનો રિપોર્ટ નેગેટિવ હશે તેને ક્વોરન્ટીનમાંથી મુક્તિ આપવામાં આવશે. જોકે રસીના બંને ડોઝ લીધા હોય તેવા પેસેન્જરે નેગેટિવ ટેસ્ટ રિપોર્ટ લાવવા જરૂરી નથી. રાજસ્થાન : જે પેસેન્જરે કોવિડની રસીનો પ્રથમ ડોઝ લીધો હોય તેમણે RT-PCR ટેસ્ટ રિપોર્ટ લાવવાની કે ક્વોરન્ટીન થવાની જરૂર નથી. જે પેસેન્જરે રસી લીધી નથી તેવા પેસેન્જરે ઉડાનના ૭૨ કલાકથી જૂનો RT-PCR ટેસ્ટ રિપોર્ટ ન લાવવો. જમ્મુ-કાશ્મીર : જમ્મુ-કાશ્મીરમાં આવતા તમામ પેસેન્જર્સ માટે કોવિડ-૧૯ એન્ટિજન્ટ ટેસ્ટ ફરજિયાત છે. જે પેસેન્જર કોન્ટેક્ટેબલ ફોન નંબર કે આરોગ્ય સેતુ એપ ન ધરાવતા હોય તેમના માટે ઈન્સ્ટિટ્યૂશન ક્વોરન્ટીન ફરજિયાત છે. તામિલનાડુ : લક્ષણ ધરાવતા હોય તેવા પેસેન્જરે એરપોર્ટ પર ઊતર્યા પછી ટેસ્ટ કરાવવો જરૂરી છે. કોઈમ્બતોરમાં આવતા પેસેન્જર પાસે ઓટો ઈ-પાસ હોવો જરૂરી છે. તેમણે જતી વખતે પણ ૭૨ કલાકથી જૂનો ન હોય તેવો નેગેટિવ RT-PCR રિપોર્ટ લાવવો જરૂરી છે. મહારાષ્ટ્ર : જે પેસેન્જર પાસે નેગેટિવ RT-PCR રિપોર્ટ નહિ હોય તે ફ્લાઈટમાં બેસી શકશે નહિ. જે પેસેન્જર ૭ દિવસ કે તેનાથી ઓછા સમય માટે ટ્રાવેલિંગ કરે છે, તેને ફરજિયાત ક્વોરન્ટીનમાંથી મુક્તિ અપાશે. કર્ણાટક : કેરળ, મહારાષ્ટ્રમાંથી કર્ણાટકમાં આવતા પેસેન્જરે ૭૨ કલાકથી જૂનો ન હોય એવો RT-PCR નેગટિવ રિપોર્ટ લાવવો જરૂરી છે. આ સિવાય જ પેસેન્જરે વેક્સિનેશનનું સ્ટેટસ પણ દર્શાવવું જરૂરી છે. હિમાચલ પ્રદેશ : લક્ષણ ન ધરાવતા હોય તેવા વિવિધ રાજ્યોના પેસેન્જરને ક્વોરન્ટીનમાંથી અહીં મુક્તિ આપવામાં આવી છે. જોકે તેમણે આ માટે મુસાફરીના ૯૬ કલાક પહેલાં થયેલો કોવિડ-૧૯નો નેગેટિવ રિપોર્ટ બતાવવો જરૂરી છે. જોકે જે મુસાફરો એવી જગ્યાએથી આવી રહ્યા છે જ્યાં કોવિડ-૧૯ના કેસ ખૂબ વધુ છે, તેમના માટે ૭ દિવસનું ઈન્સ્ટિટ્યૂશનલ ક્વોરન્ટીન ફરજિયાત છે. પછી પણ આ મુસાફરોએ ૭ દિવસ હોમ ક્વોરન્ટીન રહેવું જરૂરી છે.

### વાઈફાઈની સુવિધાઓ માટે રૂ.૩૫ લાખનો ખર્ચ કર્યા બાદ બેફિકર બની ગયેલા

# દે.બારીઆ પાલિકાના ચીફ ઓફિસરે પાલિકા સદસ્યો પાસેથી રૂ.૨,૩૩,૩૩૩/-ની વસુલાત માટે નોટીસો ફટકારતા સદસ્યો આઘાતમાં અને પ્રજાજનો ખુશ !



દે.બારીઆ,

શહેરમાં વાઈફાઈ ઝોનની સુવિધાઓ માટે ૩૫ લાખ રૂપિયાનો ખર્ચ કર્યા બાદ સત્તાઓ માટે રાજકીય લડાઈઓ અને દાવપેચોના માહેર એવા પાલિકા સદસ્યો પાસેથી હવે ૩૫ લાખ રૂપિયા વસુલ કરવાના પ્રાદેશિક કમિશનરના આદેશ બાદ દે.બારીઆ પાલિકાના ચીફ ઓફિસર દ્વારા પાલિકાના દરેક સદસ્યોને ૨,૩૩,૩૩૩/- રૂપિયા દિન-૧૫માં આ વસુલાતની રકમ તાત્કાલિક જમા કરાવવાનો લેખિત આદેશ તા.૨૭ ઓગસ્ટના રોજ કરીને નોટીસો ફટકારતા દે.બારીઆ પાલિકાના રાજકારણમાં ભલે ગરમાવો આવ્યો હશે પરંતુ પ્રજાજનો અંદરખાને ભારે ખુશ દેખાઈ રહયા છે.!!

દે.બારીઆ નગરમાં ડીઝીટલ ઈન્ડિયા અંતર્ગત પ્રજાજનોને વાઈફાઈની સુવિધાઓ પૂર્ણ પાડવા માટે અને સુરક્ષાઓ માટે સી.સી.ટી.વી. કેમેરાઓ સજ્જ કરવાની આ કામગીરીઓ માટે દે.બારીઆ પાલિકા દ્વારા ૩૫ લાખ રૂપિયાનો ખર્ચ કરીને સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. આ વાઈફાઈની સુવિધાઓ પાલિકા સદસ્યોના સત્તાઓની લડાઈઓમાં અંતે અટવાઈ ગઈ હતી. આ સંદર્ભમાં વડોદરા સ્થિત પ્રાદેશિક કમિશનર નગર પાલિકાઓ સમક્ષ હાથ ધરાયેલ સુનાવણીના અંતે ગુજરાત ન.પાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૨૫૮(૧) હેઠળ ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટમાં જોગવાઈ ના હોવાથી આ ઠરાવ રદ કરી ૧૪માં નાણાંપંચ માંથી વાઈફાઈ ઝોનની કામગીરીમાં ચૂકવેલા નાણાં ૩૫ લાખની રકમ સામાન્ય સભાની બેઠકમાં હાજર રહેલા તમામ સદસ્યો પાસેથી સરખા ભાગે વસુલ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.આ હુકમના પગલે દે.બારીઆ પાલિકાના ચીફ ઓફિસર દ્વારા તા. ૨૭ ઓગસ્ટના રોજ પાલિકાના દરેક સદસ્ય પાસેથી ૨,૩૩,૩૩૩ રૂપિયા વસુલ કરવાની નોટીસ ફટકારતા દે.બારીઆ પાલિકામાં રાજકીય મોરચે ખળભળાટ પ્રસરી જવા પામ્યો છે.

### દે.બારીયા તાલુકાના ભથવાડા ટોલનાકા નજીક

# ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર લાકડા ભરેલો ટ્રેક્ટર પલટી મારતા, ટ્રેક્ટરમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો રોડ પર ઢોળાયો, ચાલક ફરાર



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ભુતીયા ગામે ભથવાડા ટોલનાકા પાસે હાઈવે રોડ પર પીપલોદ પોલીસને બગાસુ ખાતા પતાસુ મળ્યાં જેવો બનાવ બનવા પામ્યો છે. એક ટ્રેક્ટરની ટ્રોલી પલ્ટી ખાતાં ટ્રોલીમાં લદોલત ભરેલ વિદેશી દારૂ રસ્તા પર ઢોળાતાં આ મામલાની જાણ પીપલોદ પોલીસને થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી જ્યારે માત્ર ટ્રોલી મુકી ટ્રેક્ટરનો ચાલક નાસી જતાં પોલીસે ટ્રોલીમાંથી વિદેશી દારૂનો કિંમત રૂા.૯,૫૫,૯૩૫ના પ્રોહી જથ્થા સાથે ટ્રોલીની કિંમત મળી કુલ રૂા.૧૦,૦૫,૯૩૫નો મુદ્દામાલ પોલીસે કબજે લીધાંનું જાણવા મળે છે પરંતુ સમગ્ર મામલમાં ટ્રેકટરનો નંબર અને ચાલકનું નામ સરનામું પોલીસને નહીં મળતાં આ પ્રોહી જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોણે ત્યાં પહોંચાડવામાં આવતો હતો. તે એક યક્ષ પ્રશ્ન સમાન પોલીસ માટે કોયડો બની રહેશે તેમ કહીએ તેમા કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય. કારણ કે, ટ્રોલીની પાછળ કે કોઈપણ ભાગે ટ્રેક્ટરનો નંબર નહીં હોવાને કારણે આ ટ્રેક્ટર કોનું હતું અને ચાલક કોણ હશે તે જાણવું પોલીસ માટે મુશ્કેલ લાગી રહ્યું છે.

ગત તા.૩૧મી ઓગષ્ટના રોજ ભુતીયા ગામે ભથવાડા ટોલનાકા પાસેથી પસાર થતાં નેશનલ હાઈવે પરથી એક ટ્રેક્ટર ટ્રોલી સાથે પસાર થઈ રહ્યું હતું પરંતુ અકસ્માત સર્જાતાં ટ્રેક્ચરની ટ્રોલીમાં વિદેશી દારૂ રસ્તા પર ઢોળાઈ ગયો હતો. આ ઘટના બનતાંની સાથે ટ્રેક્ટરનો ચાલક નંબર વગરની ટ્રોલી સ્થળ પરજ મુકી ટ્રેક્ટર લઈ નાસી ગયો હતો. ઘટનાની જાણ પીપલોદ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ટ્રેક્ટરની ટ્રોલીમાંથી વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ નંગ.૧૪૨ જેમાં કુલ બોટલો નંગ.૪૩૨૦ કિંમત રૂા.૯,૫૫,૯૩૫ ના પ્રોહી જથ્થા સાથે ટ્રેક્ટરની ટ્રોલીની કિંમત મળી કુલ રૂા.૧૦,૦૫,૯૩૫નો મુદ્દામાલ પીપલોદ પોલીસે કબજે લઈ ટ્રેક્ટરના ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના કરમેલ ગામે નરેગા યોજનામાં કામ કર્યા વગર નાણાં ઉપાડી ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપ સાથે રજુઆત

સુખસર,

ફતેપુરા તાલુકાના કરમેલ ગામમાં વર્ષ-૨૦ના ગાળામાં મનરેગા યોજનાના કામોમાં સ્થળ ઉપર કર્યા વિના બારોબારો નાણાં ઉપાડવામાં આવ્યા હોવાની કરમેલ ગામના લોકોની રજુઆત રહી છે.

કરમેલ ગામે મેઈન રોડથી માતા ફળિયા સુધીનો નવીન માટી મેટલ રસ્તાનુ કામ સ્થળ ઉપર કર્યા વગર જુદા જુદા નંબરના ૧૦ માસ્ટર્સ ઉભા કરી રૂ.૨,૫૩,૮૬૦ તેમજ મટીરીયલ્સ બિલના કૃષ્ણા સિમેન્ટ ડેપોના નામના બોગસ બિલો બનાવી રૂ.૧,૫૪,૩૬૮ તથા કરમેલ પારગી પારસીંગભાઈના નામે ઘરેથી માતા ફળિયા સુધી નવીન માટી મેટલ રસ્તાનુ કામ સ્થળ ઉપર કર્યા વગર ૧૩ માસ્ટર્સ દ્વારા રૂ.૨,૯૮,૪૫૮ તથા કૃષ્ણા સિમેન્ટ ડેપોના નામના બોગસ બિલોથી મટીરીયલ્સ બિલના રૂ.૧,૫૪,૩૬૮ સ્થળ ઉપર કામો કર્યા વગર ઉપાડી લઈ રસ્તાના નામે રૂ.૮,૬૧,૦૫૬નો ભ્રષ્ટાચાર કરાયો હોવાનો આક્ષેપ કરાયો છે. કુવાઓની થયેલી કામગીરીના નાણાં બોગસ મજુરોના નામે માસ્ટર્સ ભરી નાણાં ચાઉં કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે જયારે કુવાઓની કામગીરી કર્યા વિના બારોબાર નાણાં ઉપાડવામાં આવ્યા હોવાનુ તેમજ આ મજુરીના નાણાં કેટલાંક બાળકોના ખાતાઓમાં પણ નંખાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો આક્ષેપ રજુઆતમાં કર્યા છે. કરમેલ ગામના હાલાભાઈ પારગીની માલિકીની સર્વે નંબરમાં જુથ કુવો ખોદવાથી લઈ બાંધકામ પુર્ણ થયેલુ હોવા છતાં આ કુવા માલિકના જુદા જુદા છ માસ્ટર્સ તાલુકા પંચાયત કચેરી ફતેપુરા એ ઈશ્યુ કરવા છતાં બીજા મજુરોના નામે નાણાં ચુકવ્યા હોવાનુ જણાવાયુ છે. કુવાના નામે જુદા જુદા ૧૨ માસ્ટર્સ દ્વારા બોગસ મજુરો તથા મટીરીયલ્સના બિલના નાણાં ઉપાડી લઈ મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની રજુઆત કરી છે.

કૌભાંડ અંગે કરમેલના રમેશભાઈ હાલાભાઈ પારગી, રમેશભાઈ લાલાભાઈ પારગી તથા સોમજીભાઈ ચતુરભાઈ પારગી એ તાલુકા-જિલ્લાના સંબધિત તંત્રોને રજુઆત કરી કરમેલ ગામે માટી મેટલ રસ્તા તથા કુવાના બોગસ માસ્ટર્સ ઉભા કરનાર અને રસ્તા અને કુવાના કામો કર્યા વગર માલસામાન મટીરીયલ્સ પુરૂ પાડનાર બોગસ બિલો બનાવનારાઓ સહિત આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ ભ્રષ્ટાચારીઓની સામે તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરી સ્થળ તપાસ કરી કાયદાકિય કાર્યવાહી કરવા રજુઆત કરી હોવાનુ જાણવા મળેલ છે.

આ સાથે કૌભાંડમાં ભીનુ સંકેલવા પ્રયાસ કરશે તો તે અંગે રાજય સરકાર રજુઆત કરી નાછુટકે હાઈકોર્ટનો આશરો લેવા ચિમકી ઉચ્ચારવામાં આવી હોવાનુ જાણવા મળે છે.

# દાહોદનાં આદિવાસી છાત્રો હવે શીખશે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં પાઠ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તમે એમ માનતા હોય કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી અદ્યતન ટેકનોલોજી તો મોટા શહેરોમાં જ શીખી શકાય તો આ એક ભૂલ ભરેલી માન્યતા છે. દાહોદની સરકારી શાળાઓ અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓનાં આદિવાસી વિદ્યાર્થીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને કોડિંગની આંટીઘૂંટીઓ ઉકેલી રહ્યાં છે. વિશ્વની પ્રખ્યાત કમ્પ્યુટર ઉત્પાદક કંપની ઈન્ટેલની મદદથી આ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.

ઈન્ટેલ ઈંન્ડિયાનાં સંયોજક આનંદ દેસાઈ જણાવે છે કે, અત્યારના ડિજિટલ યુગમાં વર્તમાન અને ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્કીલ ધરાવતા લોકોની મોટી માંગ હશે, ત્યારે ઈંન્ટેલ કંપની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં અગ્રણી છે અને વધુમાં વધુ લોકો આ કૌશલ્યમાં મહારત હાંસલ કરે તે માટે વિવિધ કાર્યક્રમો ચલાવી રહી છે. સરકાર અને જનભાગીદારીથી ડિજિટલ સાક્ષરતા દેશનાં દરેક મહાત્વાંકાક્ષી જિલ્લાના વિદ્યાર્થીઓ પણ મેળવે તે માટે ખાસ કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યુ કે, કંપનીના આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ થકી દેશનાં યુવા વિદ્યાર્થીઓ નવા યુગની ટેકનોલોજીને આત્મસાત કરી ડિજિટલ અવેરનેસ મેળવી આ ફિલ્ડમાં સ્કીલ માટેની જરૂરી લાયકાત કેળવે તે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ છે.

આ પ્રોજેકટનાં અમલીકરણ માટે જે જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે તેમાં ગુજરાતનો દાહોદ જિલ્લો પણ છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી એ જરૂરી વહીવટી મંજૂરી પણ આપી દીધી છે. અત્યારે જિલ્લામાં આ પ્રોજેક્ટ અંતર્ગત પાંચ શાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં એમ.વાય. હાઈસ્કુલ, દાહોદ, એસ.આર. સ્કુલ, દેવગઢ બારીયા, પ્રગતિ ગર્લ્સ હાઈસ્કુલ, લીમખેડા, આઈ.કે. દેસાઈ હાઈસ્કુલ, ફતેપુરા અને જી.એલ. શેઠ હાઈસ્કુલ, સીંગવડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રોજેકટથી ૧૦૦ શિક્ષકો અને ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વિવિધ આયામોમાં પારંગત કરવામાં આવશે અને આ પ્રોજેક્ટની શરૂઆત વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વિશાળ શક્યતાઓ અને તેના મહત્વ સમજાવવાથી શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રોગામમાં ધોરણ ૮ થી ૧૨નાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે અને તબક્કાવાર સમગ્ર શિક્ષણ આપવામાં આવશે. અત્યારે પાંચ ઓરીએન્ટેશન સેશન પાંચ શાળાઓ માટે નિયત કરવામાં આવ્યા છે. જેમાં શાળા દીઠ ૨૦ વિદ્યાર્થીઓને તેમના રસ-રૂચી અને ક્ષમતા પ્રમાણે પસંદ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની તાલીમ આપવામાં આવી રહી છે.

પસંદ કરવામાં આવેલા વિદ્યાર્થીઓને કોવીડની સ્થિતિને ધ્યાને રાખીને બુટ કેમ્પસ અને ઓનલાઈન સેશન થકી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સઘન કૌશલ્ય તાલીમ-શિક્ષણ આપવામાં આવશે. આ શિક્ષણકાર્યનાં તમામ તબક્કાઓમાં ઈન્ટેલનાં સર્ટીફાઈડ નિષ્ણાંત શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. બુટ કેમ્પસ અને ઓનલાઈન સેશન થકી વિદ્યાર્થીઓને રીઈલ ટાઈમ પ્રોજેક્ટ ઘડવામાં પણ સહાય કરવામાં આવશે. પ્રોજેક્ટનાં અંતિમ તબક્કાઓમાં વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં રાષ્ટ્રીય-સ્થાનિક તકો અને સંભાવનાઓ વિશે માહિતગાર કરવામાં આવશે.

# દાહોદની મોટી ખરજ ગામના રૂપાબેન સંગાડીયા ઘરેથી લગ્નમાં જવાનું કહીને પરત ન ફર્યા

દાહોદ,

દાહોદની મોટી ખરજ ગામના માળ ફળીયાનાં રૂપાબેન સોમાભાઈ સંગાડીયા જેમની ઉંમર ૨૨ વર્ષ છે. તેઓ ગત તા. ૧૮ એપ્રીલનાં રોજ ઘરેથી લગનમાં જાઉં છું કહીને ઘરેથી નીકળી ગયા બાદ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાનાં, રંગે ગોરા વર્ણના, મોઢું લંબગોળ, કપાળ નાનું અને તેમની ઉંચાઈ પાંચ ફુટ એક ઈંચની છે. માથાના વાળ કાળા છે. જેણે શરીરે લીલા કલરનો ડ્રેસ તેમજ કાળા કલરનો લેંઘો પહેર્યો હતો અને ગુજરાતી ભાષા જાણે છે. ગુમ થનાર મળી આવેથી કે કોઈ પણ માહિતી આપવા દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનનાં ફોન નં. ૦૨૬૭૩-૨૪૪૯૦૦ અને મોબાઈલ નં. ૯૧૦૬૫-૪૪૭૮૭ ઉપર સંપર્ક કરવો.

# દાહોદમાં જિલ્લા કક્ષાની વાદન-વાંસળી, તબલા, હાર્મોનિયમ સ્પર્ધા સ્પર્ધા યોજાશે

દાહોદ,

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર તથા દાહોદ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે વાદન- વાંસળી, તબલા, હાર્મોનિયમ(હળવુ)સ્પર્ધા નું આયોજન કરાયું છે. આ સ્પર્ધામાં જુદા જુદા વય જૂથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે, જેમા ૬ વર્ષ થી ૧૪ વર્ષ સુધીના, ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ સુધીના અને ૬૦વર્ષથી ઉપરના ઓપન વય જુથમા ભાગ લઈ શકશે. ઉક્ત સ્પર્ધાની વીડિઓ કલીપ તૈયાર કરી આગામી તા.૧૫/૦૯/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સરવે ભવન, પ્રથમ માળ, કોંન્ફરંસ હોલ, છાપરી, દાહોદ ખાતે મોકલવાની રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામા પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦/- દ્વીતિય વિજેતાને રૂ.૭૫૦/- તેમજ તૃતિય ઈનામ વિજેતાને રૂ.૫૦૦/- ઈનામ આપવામાં આવશે. સ્પર્ધાના નિયમોની વધુ માહિતી માટે પ્રાંત યુવા વિકાસ અધિકારી જે.સી.ડાભી ૯૪૨૮૧૩૧૮૫૯ નો સમ્પર્ક કરવાનો રહેશે.

# દાહોદ શહેર ખાતે સાંસી સમાજના મુક્તિ દિવસની સાદગીપૂર્ણ ઉજવણી કરાઈ



દાહોદ,

સાંસી સમાજ મુક્તિ દિવસ નિમિત્તે સમાજના અગ્રણીઓ દ્વારા દાહોદ નજીક ગલાલીયાવાડ ના સ્મશાન ખાતે ઉપસ્થિત ગલાલીયાવાડ ના હર્ષદભાઈની ઉપસ્થિતિમાં સ્મશાનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો સાથે કોરોના કાળમાં મૃત્યુ પામનાર સ્વજનોને તમામ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી ગલાલીયાવાડ બાદ મુવાલીયામાં આવેલ સમાજના સ્મશાન ખાતે સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ભગવાનની પૂજા પાઠ અને પર્યાવરણ ની સાવચેતીના ભાગરૂપે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો ઉપસ્થિત તમામ સમાજના અગ્રણીઓ દ્વારા દ્વારા સ્મશાનના કમ્પાઉન્ડમાં અલગ-અલગ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજમાં સારૂં શિક્ષણ મેળવનાર યુવાનોનો સન્માન કરવામાં આવ્યું હતુ કોરોના સંક્રમણને લઈ ઓછી સંખ્યામાં અને ટૂંકા કાર્યક્રમમાં આજના દિવસની ઉજવણી સાંસી સમાજ દ્વારા ઉજવણી કરાઈ.

# દાહોદ જિલ્લા પંચાલ સમાજના યુવા અને મહિલા સંગઠનની મિટિંગ યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ રચિત દાહોદ જિલ્લા પંચાલ સમાજ યુવા અને મહિલા સંગઠનની પ્રથમ બેઠક પંચાલ સમાજની વાડી દાહોદ ખાતે યોજાઈ ગઈ. જેમાં પ્રગતિ મંડળ દાહોદ ના પ્રમુખ મહામંત્રી કાર્યદયક્ષ અને અન્ય હોદ્દેદારઓ તેમજ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ ભાજપ દાહોદ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ મેઘાબેન પંચાલ તથા ઝાલોદ શહેર પ્રમુખ બીજેપી દિનેશભાઈ પંચાલ તથા પંચાલ સમાજ યુવા અને મહિલા સંગઠન ના સભ્યઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આગામી સમયમાં પંચાલ સમાજના સર્વાંગીણ વિકાસ માટે મંડળ દ્વારા યુવા અને મહિલા સંગઠનના હોદ્દેદારઓની નિયુક્તિ કરવામાં આવી હતી. જેમાં યુવા સંગઠન ના પ્રમુખ તરીકે દિનેશભાઈ શકરલાલ પંચાલ તથા મંત્રી તરીકે દેવેન્દ્રપ્રસાદ છોટાલાલ પંચાલની નિયુક્તિ કરવામાં આવી હતી. મહિલા સંગઠનમાં પ્રમુખ તરીકે રીનાબેન પંચાલ ઉપપ્રમુખ તરીકે મેઘાબેન પંચાલ અને મંત્રી તરીકે નિલેશ્વરીબેન પંચાલની નિયુક્તિ કરવામાં આવી હતી. તેમજ અન્ય હોદ્દેદારઓની નિયુક્તિને પંચાલ સમાજના યુવા અને મહિલાઓએ આવકારી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી. સમાજના વિકાસ માટે મંડળના હોદ્દેદારઓ દ્વારા પ્રાસંગીક ઉદ્દબોધન કરી યુવાધનને સાથ સહકારની અપીલ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ધર્મેશકુમાર વાડીલાલ પંચાલ અને હિમેનભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દાહોદ શહેરની સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાંથી એક ૧૬ વર્ષીય સગીરાને એક યુવકે લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૩૦મી ઓગષ્ટના રોજ અપહરણ થયેલ સગીરાના પિતા દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે નોંધાવેલ ફળિયામાં જણાવ્યાં અનુસાર, શકવાળા ઈસમ સંદિપભાઈ વ્યાસ (રહે. દાહોદ, ગોધરા રોડ, જલારામ પાર્ક સોસાયટી) દ્વારા તેઓની ૧૬ વર્ષીય સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂં, પટાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી ગયો હોવાની કેફીયત ભરી ફરિયાદ દાહોદ શહેર પોલીસ મથકે નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગરબાડાના વડવા ગામે લુંટના બનાવની તપાસમાં ગયેલ પોલીસ ઉપર મહિલા સહિતના ટોળાએ હુમલો કરતાં ફરિયાદ

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વડવા ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં જેસાવાડા પોલીસ મથકના પોલીસ કર્મચારીઓ વડવા ગામે બનેલ લુંટના બનાવ સંદર્ભે તપાસ કરવા જતાં મહિલા સહિત પાંચ જેટલા માથાભારે ઈસમોએ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો જેવા કે, તીર કામઠા, લાકડી, ધારીયા જેવા મારક હથિયારો સાથે ધસી આવી પોલીસ કર્મચારીઓ પર જીવલેણ હુમલો કરી પથ્થર મારતો કરતાં સરકારી વાહનો મળી કુલ ત્રણ વાહનોની તોડફોડ તમજ પથ્થર મારામાં નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ભયનું વાતાવરણ સર્જાઈ જવા પામ્યું હતું. આ મામલે પોલીસે આરોપીઓના ઝડપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૩૦મી ઓગષ્ટના રોજ ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ મથકમાં ફરજ બજાવતાં એ.એસ.આઈ. બલવીરસિંહ વસંતભાઈ તથા તેમની સાથે તેમના સ્ટાફના માણસો સરકારી ગાડીમાં સવાર થઈ વડવા ગામે કટારા ફળિયામાં લુંટના બનાવ સંબંધે ગામમાં રહેતાં કનેશભાઈ રામસીંગભાઈ કટારાના ઘરે તપાસ કરવા ગયાં હતાં. આ દરમ્યાન રામસીંગભાઈ ભાવસીંગભાઈ કટારા, કલેશભાઈ રામસીંગભાઈ કટારા, રાજુભાઈ રામસિંગભાઈ કટારા, રમેશભાઈ મુળીયાભાઈ કટારા, રાજુભાઈની પત્નિ અને દિનેશભાઈ રામસિંગભાઈ કટારાનાઓ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે તીર કામઠા, લાકડીઓ, ધારીયા જેવા મારક હથિયારો સાથે કીકીયારીઓ કરી, બેફામ ગાળો બોલી પોલીસ કર્મચારીઓ તરફ ધસી આવ્યાં હતાં અને પથ્થર મારો તેમજ તીર કામઠામાંથી તીર મારો કરી પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો જેમાં એક પોલીસ કર્મચારી અજયભાઈને ડાબા હાથે તીર પણ વાગ્યું હતું અને ઈજા પહોંચી હતી. પથ્થર મારો અને તીર કામઠામાંથી તીર મારો કરતાં સરકારી વાહનો મળી લલિતભાઈની ફોર વ્હીલર ગાડીની તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. ભારે ધિંગાણાના પગલે વિસ્તારમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

આ સંબંધે જેસાવાડા પોલીસ મથકના એ.એસ.આઈ. બલવીરસિંહ વસંતભાઈ દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના દેવધા ગામે બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં એક વ્યકિતનું મોત

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના દેવધા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સામેથી આવતી અન્ય એક મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મોટરસાઈકલ પર સવાર બે જણા જમીન પર ફંગોળાતાં જે પૈકી એકનું ગંભીર ઈજાઓને પગલે મોત નીપજયાંનું જાણવા મળે છે જ્યારે એકને સારવાર હેઠળ ખસેડાયાં છે.

ગત તા.૩૧મી ઓગષ્ટના રોજ દેવધા ગામે રોડ ઉપર એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલાં મિથુનભાઈ મગનભાઈ ભાભોર (ઉ.વ.૩૨, રહે. ખારવા, હોળી ફળિયા, તા.ગરબાડા, જિ.દાહોદ) અને તેમની સાથે શૈલેષભાઈ દિનેશભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં બંન્ને જણા મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયાં હતા. જેને પગલે મિથુનભાઈ મગનભાઈ ભાભોરને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું. જ્યારે શૈલેષભાઈ દિનેશભાઈને શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માત સર્જી મોટરસાઈકલનો ચાલક નાસી ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.09

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા શહેરની મધ્યમાં આવેલ

# રામસાગર તળાવમાં જળકુંભીનું સામ્રાજય છતાં પાલિકા તંત્ર નિંદ્રાધીન અવસ્થામાં

- અગાઉના વર્ષમાં ગણેશ મહોત્સવ પહેલા તળાવને સ્વચ્છ કરાતું હતું પણ કોરોનાકાળને લઈ તળાવ વિસરાયું.
- શહેરની મધ્યના તળાવની દુર્દશા જોઈ પાલિકા વિસ્તારોની સ્વચ્છતાની સ્થિતી શું છે તે બતાવે છે.
- તળાવમાં જળકુંભીથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો.



ગોધરા,

ગોધરા શહેર નગર પાલિકા વિસ્તારોની રોડ રસ્તાની ખખડધજ હાલત હોય કે સ્વચ્છતા–ગંદકીની સ્થિતી જોતાં પાલિકાના અડાઘડ વહીવટને છતો કરે છે. તેમાં પણ શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવમાં જળકુંભીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. તેમ છતાં પાલિકા તંત્રની આંખ ખુલતી નથી. અગાઉના વર્ષોમાં ગણેશ મહોત્સવ પહેલા તળાવને સ્વચ્છ કરવાનું થતું હતું પરંતુ કોરોના કાળને લઈ ગણેશ મહોત્સવ ઉપર સરકારે પ્રતિબંધ મુકેલ છે. તેનો સીધો લાભ નગર પાલિકા ગોધરા ઉઠાવી રહી છે. ગણેશ મહોત્સવમાં ગણેશ વિર્સજન કરવાનું ન હોવાથી તળાવની સ્વચ્છતા કરવાનું ટાળી રહી છે. તળાવમાં જળકુંભીનું સામ્રાજ્ય હોવાથી મચ્છર ઉપદ્રવ વધ્યો છે. પરંતુ પાલિકા તંત્રને શહેરીજનોના આરોગ્યની ચિંતા ન હોય તેમ લાગી રહ્યું છે. પાલિકા તંત્ર તળાવ માંથી જળકુંભી દુર કરાવવા માટે કાર્યવાહી કરે તે જરૂરી છે.

ગોધરા નગર પાલિકા કચેરીની બીલકુલ પાછળ રામસાગર તળાવ આવેલ છે. આ તળાવની દુર્દશા જોઈએ શહેરમાં પાલિકાનો વહીવટ કેવો હશે તેવી ચાડી ખાય છે. શહેરના રસ્તાઓની હાલત હોય કે પછી ગંદકી અને સફાઈમાં પાલિકા તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું છે. નગરજનોને પાયાની સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી. તેમ છતાં ગોધરા શહેરના નગરજનોને પાલિકા સામે થી આવી સુવિધાઓ પુરી પાડવાની આશા નહિવત કરી દીધી છે. પરિણામે નગર પાલિકા તંત્રને જનતામાં કોઈ રોડ રસ્તા કે સ્વચ્છતા બાબતે વિરોધનો સૂર ન ઉઠતા સબ સલામત હોવાનો અહેસાસ કરી રહી છે.

હાલ ગોધરા શહેરમાં મચ્છરજન્ય રોગચાળાો તેમજ વાયરલ બિમારીઓ વધી રહી છે. તેવા સમયે શહેરની મદયમાં આવેલ રામસાગર તળાવમાં જળકુંભીનું સામ્રાજ્ય છવાયું છે. જેને લઈ મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે અને મચ્છરોને લઈ આસપાસના રહિશો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે રામસાગર તળાવ માંથી જળકુંભી દુર કરાવવા માટે પાલિકા તંત્ર કાર્યવાહી કરે તે જરૂરી છે. શહેરની સુંદરતામાં વધારો કરતાં તળાવની દુર્દશા જોઈએ સ્વચ્છતા જેવી સુવિધાઓ મળતી હશે તેવી પણ શહેરની મુલાકાતે આવેલ કોઈ બહારની વ્યકિત રાખી શકે નહિ અને શહેરની ખોટી છાપ લઈને જાય છે. કોરોનાકાળ પહેલાના વર્ષોમાં ગણેશ મહોત્સવ શરૂ થતાં પહેલા રામસાગર તળાવની સ્વચ્છતા માટે પાલિકા તંત્ર ધ્યાન આપતું હતું, પરંતુ કોરોના મહામારીને લઈ સરકારની કોવિડ ગાઈડ લાઈન સાથે ગણેશ મહોત્સવની ઉજવણીની જાહેરા કરતાં જાણે પાલિકા તંત્ર બેજવાબદાર બન્યું હોય તેમ લાગી રહ્યું છે. રામસાગર તળાવમાં જળકુંભી દુર કરવાની કાર્યવાહી કરવી જરૂરી છે.

# ગોધરામાં ગણેશ મહોત્સવને લઈ વહીવટી તંત્ર અને ગણેશ મંડળોના આયોજકો સાથે મીટીંગ યોજાઈ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

## આયોજકો મંડળો દ્વારા વિર્સજન યાત્રા યોજાય તેવી માંગ

ગોધરા,

ગણેશ મહોત્સવને જ્યારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે કોરોના મહામારીને લઈ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ ગણેશ મહોત્સવની ઉજવણી થાય તેવા હેતુથી ગોધરા સરદાર નગર ખંડ ખાતે જીલ્લા પોલીસ તંત્ર અને ગણેશ આયોજકો સાથે મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં આયોજકો દ્વારા કોરોના ગાઈડ લાઈન મુજબ ગણેશ વિર્સજન યાત્રા કાઢવા માટે મંજુરી આપવામાં આવે તેવી માંગ કરાઈ છે.

ગોધરા શહેરના ગણેશ મહોત્સવ મંડળના આયોજકો સાથે આજરોજ ગોધરા સરદાર નગર ખંડ ખાતે જીલ્લા પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં ગણેશ મહોત્સવમાં સરકારની ગાઈડ લાઈન મુજબ ગણેશ મંડળો દ્વારા ૪ ફુટ ઉંચી મૂર્તિ સ્થાપના કરવામાં આવે તેમજ ગણેશ મૂર્તિના સ્થાપના થતાં પંડાલોમાં કોરોના ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

ગોધરાના ગણેશ મંડળો અને વહીવટી તંત્ર અને પોલીસ વચ્ચે યોજાયેલ ગણેશ મહોત્સવને અનુલક્ષીને મીટીંગ યોજાઈ હતી. તેમાં ગણેશ મંડળો એ ગોધરામાં આન–બાન અને શાન ગણાતી ગોધરાની ગણેશ વિર્સજન યાત્રા સરકારની ગાઈડ લાઈન મુજબ કાઢવા દેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત જો ગણેશ વિર્સજન યાત્રા કાઢવા દેવામાં આવે તો સરકારે જારી કરેલ ગાઈડ લાઈનનો અમલ કરવાની પણ ગણેશ મંડળોને સુચન કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા મીટીંગમાં ગણેશ મંડળોને ગણેશ સ્થાપના થી લઈ ગણેશ વિર્સજન સુધીના દિવસોમાં ગણેશ મંડળો સરકારના આદેશોનું ચુસ્ત પાલન કરવાનો રહેશે. કોઈપણ પ્રકારનો વિવાદ થાય નહિ તેનું દયાન આપવામાં આવે તેવા સુચનો કરવામાં આવ્યા હતા. ગોધરા નગર પાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં ચાર થી પાંચ કુત્રિમ તળાવો પણ ઉભા કરવામાં આવશે. મીટીંગમાં ગણેશ મંડળોના આયોજકો દ્વારા ગોધરામાં પરંપરાગત રૂટ મુજબ વિર્સજન યાત્રા યોજવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. બેઠકમાં મોટી સંખ્યામાં આયોજકો હાજર રહ્યા હતા.

# ગોધરાના બામરોલી રોડ આદિત્ય સોસાયટીમાં ગટર લાઈનના ગંદા પાણીથી રહિશો પરેશાન



ગોધરા,

ગોધરા નગરપાલિકા વિસ્તાર ની અનેક સમસ્યાઓ છે. જેને લઈ લોકો રજૂઆત તો કરે છે, પરંતુ સમસ્યાનો ઉકેલ લાવવામાં પાલિકા નિષ્ફળ હોય તેવો મત સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. એટલા માટે કે ગોધરાના બામરોલી રોડ પર આવેલ આદિત્ય નગર સોસાયટીમાં છેલ્લા કેટલાક દિવસો થી ડ્રેનેજનું ગંદુ પાણી જાહેર રસ્તા પર ફેલાતું હોવાથી સ્થાનિક રહીશો હેરાન પરેશાન છે. જે સમસ્યા બાબતે પાલિકા સત્તાધીશોને અવારનવાર રજૂઆત કરી હોવા છતાં સમસ્યાનો ઉકેલ લાવવામાં પાલિકા સત્તાધીશોને કોઈ રસ ન હોવાનું બહાર આવ્યું છે. રસ્તા પર ડ્રેનેજનું પાણી રેલાતુ હોવાથી સ્થાનિક લોકોને પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત વ્યકત કરવામાં આવી રહી છે. સિનિયર સિટીજનો ઘરની બહાર બેસવાનું પણ ટાળી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર ભુગર્ભ ગટર લાઈનની ડ્રેનેજ ઉભરાતી હોવાથી આ સમસ્યા સર્જાઈ છે. જેના માટે વોર્ડ સદસ્ય ને રજૂઆત કરી હોવા છતાં ભુગર્ભ ગટર લાઈનના કોન્ટ્રાક્ટર દ્વારા આ બાબતને ધ્યાનમાં ન લેવામાં આવતી હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. ગટરનું ગંદુ પાણી રેલાતું હોવાથી અસહ્ય ગંદી વાસ મારતી હોવાથી ત્યાં ના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પાલિકા તંત્ર વહેલી તકે આ સમસ્યાનો કાયમી ધોરણે ઉકેલ લાવે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

## પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા

# ઓછા વરસાદને કારણે દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં ખેડૂતોને સહાય આપવા કલેકટરને આવેદનપત્ર અપાયું



ગોધરા,

ગુજરાત રાજ્યમાં હાલની વરસાદની સ્થિતિ જોતાં દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા આજ રોજ માન. જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, હાલ ગુજરાતમાં વરસાદ ઓછો હોવાના કારણે નદી, નાળા, તળાવ પાણીથી ભરાયા નથી તેમજ ખેતી, પશુપાલન અને ઘાસચારાની સમસ્યા ઉભી થઈ છે ત્યારે ખેડૂતોને સહાય આપવા બાબતે આવેદનપત્ર આપતા આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆએ જણાવ્યું છે કે, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની વેબસાઈટ પર આંકડા જણાવે છે કે, ઓગસ્ટ ૨૭ સુધીની વરસાદની ટકાવારી ખૂબ ચિંતા જનક છે પૂર્વ મધ્ય ગુજરાતમાં ૩૭.૯૩% વરસાદ થયો છે અને ૬૨.૦૭% વરસાદની ઘટ છે.

પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા તાલુકામાં ૨૪.૭૬%, ગોધરામાં ૪૨.૭૨%, હાલોલમાં ૩૮.૧૩%, જાંબુઘોડામાં ૪૫.૧૪%, કાલોલ તાલુકામાં ૨૨.૨૭%, મોરવા હડફ માં ૩૪.૪૩%, શહેરામાં ૩૧.૫૫% વરસાદ થતાં સરેરાશ ૩૫% જેટલો નોંધાયો છે અને ૬૫% વરસાદ ઘટ છે ત્યારે કલેકટર સાહેબને આવેદનપત્ર આપવામાં આવ્યું છે કે, આવી સ્થિતિમાં ખેડૂતોના ખેતરે ખેતરે સર્વે કરાવીને હેક્ટર દીઠ રોકડ રકમ ચૂકવી સહાય કરવામાં આવે, મુખ્યમંત્રી કિસાન સહાય યોજના એસડીઆરએફના ધોરણે સર્વે કરી ખેડૂતોને નુકસાન થયું હોય તે પ્રમાણે વળતર ચૂકવવા, પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરી, પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવી, જરૂરીયાત મંદો માટે તરતજ રાહત કામો શરૂ કરવા જોઈએએ બાબતે આવેદનપત્ર આપી સરકારને રજૂઆત કરવામાં આવી છે એમ જિલ્લા પ્રમુખે જણાવ્યું હતું.

જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆની અદ્યક્ષતામાં આયોજિત આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં ઝોન કિસાન પ્રમુખ અરવિંદભાઈ માછી, જિલ્લા કિસાન પ્રમુખ ઉત્સવભાઈ પટેલ સહિત તમામ તાલુકા પ્રમુખઓ, જિલ્લાના હોદ્દેદારો તથા કાર્યકરો સહીત હાજર રહ્યા હતા.

# કેન્દ્રિય વિદ્યાલય ગોધરા ખાતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં VMC બેઠક યોજાઈ



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લા કલેકટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં અને જિલ્લા શિક્ષણાધિકારી પંચાલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભાભોર, કેન્દ્રિય વિદ્યાલય ના પ્રિન્સીપાલ આર. કે. ચૌધરી, પોલીટેકનીકના પ્રિન્સીપાલ જે. વી. ભોલંદા, સંજયભાઈ પટેલ, હિમાનીબેન, નિલેશભાઈ તથા આશાબેન વર્માની ઉપસ્થિતિમાં કેન્દ્રિય વિદ્યાલય ગોધરા ખાતે વી.એમ.સી. બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટર સુજલ મયાત્રાએ શાળાના નવીન સંકુલ ના બાંધકામ વિશે તથા શાળા ના અન્ય વિકાસલક્ષી કાર્યો વિશે માહિતી મેળવી જરૂરી ચર્ચા વિચારણા કરી રચનાત્મક સુચનો કરી માર્ગદર્શન આપ્યું હતું. આ શાળાના વિદ્યાર્થીઓનું વિવિધ ક્ષેત્ર માં વિશેષ ઉપલબ્ધિ બદલ પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપી ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું. વિદ્યાલયના સ્કાઉટ ના વિદ્યાર્થી ઓ દ્વારા સ્વાગત અને વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્દ્રમોહન શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગોધરાના નદીસર પંથકમાં બપોર બાદ કડાકા સાથે મેઘરાજાની રીએન્ટ્રી



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,

ગોધરા તાલુકાના નદીસર સહિત આસપાસના ગામોમા આશરે વીસ થી પચ્ચીસ દિવસની રાહ જોવડાવ્યા બાદ આજે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને કાનના પડદા ફાડી નાખે તેવા પ્રચંડ વીજ કડાકા ભડાકા સાથે વરસાદનું આગમન થયું હતું. એક તરફ વરસાદ આશરે એક માસ થી ખેંચાય જતા ખેડૂતોને પોતાના વિવિધ પાકો બચાવવા માટે મુશ્કેલી હતી. તેવા સમયે બપોર બાદ બે તબ્બકામાં બે ભારે ઝાપટાં આવતા સમગ્ર પંથકમાં ખેતીને અણીના સમયે ફાયદો થયો હતો અને વરસાદના કારણે પંદર થી વીસ દિવસ માટે ખેતીને જીવતદાન મળ્યું હોવાના અહેવાલ છે.

# ગોધરા સરદાર નગર ખંડ પાસેથી ચોરીની બાઈક સાથે ઈસમને ઝડપ્યો

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકના વણશોધાયેલા મોટરસાયકલ ચોરીના ગુન્હાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી ચોરીની મોટરસાયકલ સાથે આરોપીને ગોધરા શહેરના સરદાર નગર ખંડ ખાતે થી ઝડપી પાડી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગોધરા એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર કે.પી.જાડેજા ને ખાનગી બાતમી દાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, તા.૩૦.૮.૨૦૨૧ ના રોજ ગોધરા શહેરમાં આવેલી લારા હોસ્પિટલ પાસે પાર્ક કરેલી મોટરસાયકલ કોઈક અજાણ્યો ચોર ચોરી કરી ગયો છે. જે મોટરસાયકલ અહેમદ રાશીદમિયા સૈયદ(રહે.સાવલીવાડ, ગોધરા)દ્વારા ચોરી કરવામાં આવી છે અને હાલમાં તે મોટરસાયકલ સાથે ગોધરા સરદાર નગર ખંડના પાછળના ભાગે બેઠો છે. જેથી પોલીસે ઉપરોક્ત બાતમી આધારે બાતમી વાળી જગ્યાએ તપાસ કરતા આરોપી મોટરસાયકલ સાથે ઝડપાઈ જવા પામ્યો છે. આરોપીની પોલીસ દ્વારા કડકાઈ થી પૂછપરછ કરાતા આરોપી એ મોટરસાયકલ ચોરી કરી હોવાની કબૂલાત કરતા પોલીસે તેની ધરપકડ કરી વધુ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરા-વાઘોડીયા થી અજમેર જવા નિકળેલ સાયકલ યાત્રાનું શહેરા ખાતે સ્વાગત થયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

વડોદરાના વાઘોડિયાથી અજમેર જવા માટે નીકળેલી સાયકલ યાત્રા શહેરા ખાતે આવી પહોંચી હતી. જ્યાં શહેરા નગર ભારતીય જનતા પાર્ટીના લઘુમતી મોરચાના પ્રમુખ ઈલ્યાસ શેખ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડોદરા જિલ્લાના વાઘોડિયા થી ૧૮ જેટલા અકીદતમંદો રાજસ્થાનના અજમેર ખાતે આવેલ હજરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ જવા માટે સાયકલ પર સવાર થઈ ૬૪૦ કિલોમીટરની યાત્રાએ નીકળ્યા છે. ત્યારે અજમેર જનાર સાયકલ યાત્રા શનિવારના રોજ પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાં આવી પહોંચી હતી. જ્યાં શહેરા નગર ભારતીય જનતા પાર્ટીના લઘુમતી મોરચાના પ્રમુખ મોહમ્મદ ઈલ્યાસ હબીબ શેખ દ્વારા તેમનુ સ સ્વાગત કરવામાં આવ્યું હતું. અને હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહે જઈ સમગ્ર ભારતમાં અમન ચેન સુકુન અને આપસમાં ભાઈચારો બની રહે તેવી દુઆ કરવા ગુજારીશ કરી છે અને સાથેસાથે આવા લોકો જ્યાં પણ જોવા મળે તો એમની મહેમાન નવાજી કરી એમના હોંસલા બુલંદ કરવા જોઈએ તેવી અપીલ કરી હતી.